પવિત્ર કન્યા

ભાગ ૧ લો.

કિંમત. ૦-૧૨-૦

પવિત્ર–કન્યા.

(નૉવેલ)

ભાગ ૧ લો.

લેખક,

ગીરધરલાલ જગજીવનદાસ લેખક.

કાળુપુર રાજામહેતાની પોળમાં લક્ષ્મીનારાયણની પોળમાં

ઘર નંબર ૧૮૩૩ **અમદાવાદ.**

પ્રકાશક,

ગીરધરલાલ જગજીવનદાસ લેખક.

કાળુપુર રાજામહેતાની પોળમાં લક્ષ્મીનારાયણની પોળમાં

ઘર નંબર ૧૮૩૩ **અમદાવાદ.**

આવૃત્તિ ૧ લી. પ્રત, ૫૦૦.

સોલ એજન્ટ.

દામોદર રેવાદાસ બુકસેલર.

પબ્લીસર, સ્ટેશનર, એન્ડ કમીશન એજન્ટ

રીચીરોડ—**અમદાવાદ.**

સંવત ૧૯૭૧. સને ૧૯૧૫.

કીંમત. રૂ. ૦-૧૨-૦

શાન્તિવિજય પ્રિન્ટિંગ પ્રેસમાં ઝવેરલાલ કેશવલાલ વકીલ અને
માણેકલાલ માધવજીએ છાપ્યું.
કાળુપુર ઢીંકવા ચોકી - અમદાવાદ

હરસ મસાના રોગનું

દવાખાનું.

વાઢકાપ તેમજ બીજી કોઇપણ જોખમી તકલીફ શીવાય જીંદગીને માટે હરસ મસાને નીરમુળ કરવા માં આવે છે. આ રોગના ઘણાજ ભયંકર અને આશા છોડી દીધેલા એવા એક હજાર દરદીઓ સારા કીધાં છે જેના સંતોષથી વૈદ્યો, ડાકટરો અને શેઠ શાહુકારોએ ઘણાજ સારા અભીપ્રાય આપેલા છે. સૌથી પહેલાં અથવા છેવટે પણ અમારા દવાખાનાનો લાભ લેવાને વીનંતી છે.

વૈદ્ય ડી. એસ. અધ્યારૂ,

પાઇલ્સ સ્પેશીઆલીસ્ટ, સાંકડી શેરી ૧૭૦૫,

અમદાવાદ.

પ્રસ્તાવના.

અત્યુત્તમ જીવન એજ પોતાની જીંદગીનું શ્રેષ્ઠ સાર્થક છે. પ્રત્યેક મનુષ્ય પોતે પોતાનું શ્રેય કરવા પ્રયત્ન કરે છે પણ અનેક પ્રયત્નોથી બીજાનું શ્રેય કરવું એ અત્યુત્તમ જીવનનો મુખ્ય ઉદ્દેશ છે. સૃષ્ટિમાં અનેક મહાન પુરૂષો પરહિતને માટે તન-મન અને ધનનો સર્વદા શ્રમ સહે છે. તો હું અત્યુત્તમ જીવનની આકાંક્ષાવાળો પરહિતને માટે મ્હારી અલ્પશક્તિ અનુસાર કિંચિત્ પણ કરવાને કેમ ઉમંગી ન હોઉં ?

મ્હારી અલ્પમતિ અનુસારનાં આ કલ્પિત પુસ્તકથી જગતના લાભમાં કિંચિત્ પણ ઉમેરો થશે તો મ્હારૂં જીવન સફળ થયું માની હું સંતોષિત બનીશ.

તા. ૩૧-૭-૧૯૧૫
સંવત ૧૯૭૧ ના અષાડ વદી ૫
કાળુપુર; રાજામહેતાની પોળમાં
લક્ષ્મીનારાયણની પોળમાં ઘર નંબર,
૧૮૩૩. અમદાવાદ.

ગીરધરલાલ જગજીવનદાસ.

ઠા૦ પટેલ બ્રધર્સનું બાલામૃત છાપરે.

અર્પણ પત્રિકા.

મહેરબાન માનવંતા " શ્રી દશા માંડલીઆ મોઢ વણીક જ્ઞાતિ શીરોમણી " સુકીર્તિકાન્ત વીરરત્ન,

શેઠશ્રી

હરજીવનદાસ મોહોનજી કાપડીઆ.

(ચોરવાડ નિવાસી.) મુંબઇ.

જ્ઞાતિ હિતમાં **તન, મન** અને **ધન** અર્પિ; અત્યુત્તમ ઉચ્ચ ભાવનાથી ઝળકતું જીવન ઝળકાવનારા, કેળવણી (વિદ્યા દાન)ના **મહાન પીતા;** આપને આ " **પ્રેમ પુષ્પ** "-" **મણીમાળ** " અર્પિ આનન્દિત થાઉં છું.

વિનંતી,

છોરૂ;

ગીરધર.

રાગ કલ્યાણ.

શ્રી હરજીવનદાસને, પ્રિય પ્રભુ તમે;
મંગલકારી, સુયશધારી, રાખજો સદા સમે.

જ્ઞાતિનાં હિતની ચિત્તમાં ઉર્મિ, રાખો છો રક્ષણહાર.
ચમ સુભાગ્યનાં ઉંડા બીજને ઉગાડ્યાં તારણહાર,
શ્રી હરજીવનદાસને૦

પૂરણ પ્રેમથી પ્રિત આણીને, પાળ્યાં છે પરમેશ;
અતિ આનંદકારી, સદા સુખકારી, ઉજ્વળ અમર હમેશ.
શ્રી હરજીવનદાસને૦

અમ ઉદયને કારણે પીતા, અર્પિ અમ સર્વો તન, મન, ધન.
મંગલ મૂર્તિ, સૌમ્ય સુર્તિ, ધન્ય ! ધન્ય ! ! જ્ઞાતિ જીવન.
શ્રી હરજીવનદાસને૦

અતિ માયાળુ, અધિક દયાળુ, અખંડ ઉજ્વળ ઉદાર;
ગીરધરની પ્રભુ પ્રાર્થના, જય જય જ્ઞાતિ જીવનહાર.
શ્રી હરજીવનદાસને૦

ગીરધર.

આભાર પત્રિકા.

મહેરબાન માનવંતા " શ્રી દશા માંડલીઆ
મોઢ વણિક જ્ઞાતિ ઉદયચંદ્ર "
રા. રા. વૈદ્ય શા. ગીરધરલાલ કહાનજી ધોળકાનિવાસી.
ધોળકા.

મહેરબાન માનવંતા શ્રીયુત્ આદિતરામ નરસિંહરામ
ત્રિવેદી.

મહેરબાન માનવંતા શ્રીયુત્ જેઠાલાલ નરસિંહરામ
ત્રિવેદી.

હૃદય રત્નો.

મ્હારા પ્રત્યેક પ્રયાસને નીર્વિઘ્ને નીવારી; મ્હને અથાગ આધાર આપનાર, મારા હૃદય રત્નો, હું આપનો આભાર માની, કિંચિત્ અંશે કુદરતનાં કરજમાંથી મૂક્ત બની આનન્દિત થાઉં છું.

વિનંતી,

સદાનો આભારી.

ગીરધરલાલ.

અનુક્રમણિકા.

જાદુઈ ડબ્બી.

ફક્ત ચાંપજ દબાવવાથી દીવાસળી વગર અંધારામાં

અજવાળું કરનાર

વિજળીનો દીવો.

કીંમત રૂપીઆ દોઢથી રૂપીઆ દસ સુધીના મોટા જથામાં તૈયાર છે કે જે ગજવામાં પણ રહી શકે છે.

દરેક માટે પોસ્ટેજ જુદું.

જરા નજર

જાણીતા મેકરના ફોનોગ્રાફ (ટૉકીંગ મશીન) કીંમત રૂપીઆ ૧૩ થી માંડી તમો માંગો તેવાં ભારે કીંમતનાં કદી પણ નહીં વપરાએલાં તદ્દન નવાં અમારે ત્યાંથી કીફાયતે મળશે.

તમારા મગજને આણંદ આપે તેવાં રાગ રાગણીવાળાં તમો માગો તે ભાષામાં ગાયેલાં તદ્દન નવાં રેકર્ડો મોટા જથામાં તૈયાર છે.

વધુ ખુલાસા માટે નીચેના સરનામે પત્રવહેવાર કરવો.

શ્રી સત્યનારાયણ ટ્રેડીંગ કંપની

૪૩૬-૩૭ રીચીરોડ.

અમદાવાદ.

આ શીવાય અમારે ત્યાંથી બાલમાં નાંખવાનું બાબુનાથ તેલ, **શક્તીની ગોળિઓ, માર્વેલસ ટોનીક પીલ્સ પરફ્યુમરી તથા** ફેન્સી ચીજો વીગેરે ઘણુંજ કીફાયત ભાવે મળશે.



પવિત્ર કન્યા.

(નૉવેલ)

ભાગ ૧ લો.

પ્રકરણ ૧ લું.

રૂપિયા પાંચ લાખની ચોરી.

તારાએ તીજોરી ઉઘાડી.

" રૂપિયા પાંચ લાખ ગુમ. "

હાય નાંખતી તારા મહેલનાં દીવાનખાનામાં દોડી ગઈ.

તારાએ ગુમરાણ મચાવ્યું.

દ્વારકાદાસશેઠ, વસન્ત, સરોજીની અને ચાકરવર્ગ દોડી આવ્યા. સર્વે એ દીવાનખાનામાં એકઠા મળી, તપાસ કરવા માંડી. તીજોરી જેમની તેમજ હતી. તીજોરીનો કોઈપણ ભાગ તોડવામાં આવ્યો નહે.તો તીજોરી માંહેનો રૂપિયા પાંચ લાખ સિવાયનો સઘળો અવેજ અનામત હતો. હીરા, મોતી, માણેક અને નીલમ જડીત દાગીનાઓ જેમના તેમજ હતા. મહેલમાં કોઈ અજાણ્યું માણસ આવ્યું હોય, એમ કોઇને યાદ નહોતું. અજાણ્યામાણસનું આ કાર્ય નથી, એમપણ સર્વનું ધારવું હતું. જાણીતાનુંજ આ કાર્ય છે; એમ માની, સર્વે એ એક બીજાને પુછપરછ કરવા માંડી. ચાકરવર્ગ સર્વ વિશ્વાસુ હતો, એટલે એમને માટે સ્હજપણ શંકા લઇજવાનું કોઇને કસ્યુંપણ કારણ નહોતું. તીજોરીની ચાવી દ્વારકાદાસશેઠ પોતાની પાસેજ રાખતા અને તે તારા અને વસન્ત સિવાય કોઇને સોંપતા નહીં. તીજોરી સાથે મળેલી ચાવી સિવાય, બીજી તેવીજ ચાવીથી આ તીજોરી ન ખૂલે એ ચોક્કસ હતું. તેમછતાં અજાયબીમાં ગરકાવ કરનારી, આ ચોરી શી રીતે કરવામાં આવી અને કોણે કરી ? તે માટે કોઇના મનનું સામાધાન થઇ શક્યું નહિ. વખત જતાં સર્વના હૃદયમાં શંકા અને વિચારો વધવા માંડયા.

દ્વારકાદાસશેઠ નન્દનનગરીના નિવાસી પણ હાલ વ્યાપાર અર્થે કુન્દનપુર રહેતા હતા. શેઠના પવિત્રપત્નિ શાન્તાલક્ષ્મી સ્વર્ગવાસી થયા

હતા. શાન્તાલક્ષ્મીના સ્વર્ગવાસ પછી શેઠે. બીજીવાર લગ્ન કર્યું હતું. શેઠની બીજીવારની તરૂણી તારાને, શેઠ સર્વત્રપણે વશ હતા. સ્વર્ગવાસી શાન્તાલક્ષ્મીનાં પુત્રરત્ન વસન્ત અને કન્યારત્ન સરોજીની, તારાને મન ઓશીઆળા અને અળખામણા હતા.

કન્યા સરોજીની કુંવારી છે.

હિમ્મત અને હિમ્મતિ બાળાને; શાન્તાલક્ષ્મીની લાડકવાય દીકરીને, સંસારનું સ્વરૂપ સમજવું સુલભ લાગે છે.

વસન્તનું વય આજે વીશ વર્ષનું છે. વસન્તનું વેવીશાળ વિલાસપુરના વાસી મનોરદાસની પુત્રી કાન્તાકુમારી સાથે, શાન્તાલક્ષ્મીની હયાતીમાં કરેલું છે. મનોરદાસ તરફથી દ્વારકાદાસને લગ્નને માટે, કહેરાવવામાં આવ્યું છે. પણ વસન્તને વધારે અભ્યાસ માટે વિલાયત મોકલવાની; દ્વારકાદાસની ઇચ્છા હોવાથી, લગ્ન હાલ મુલતવી રાખવા, દ્વારકાદાસનો વિચાર છે.

સવારના આઠ થયા, નવ થયા, વસન્ત પોતાના દીવાનખાનામાં પેપર વાંચે છે.

પોસ્ટમેન આવ્યો.

પત્ર મૂક્યા.

પત્રમાં પોતાનાં સીરનામાનો એક પત્ર વસન્તે ફોડી, ઉકેલી વાંચવા માંડયો.

પ્રિય હૃદય બન્સી !

" સાંસારિક, ધાર્મિક અને આત્મિક જીવનથી જોડાએલા મ.રા પ્રાણ ! આપણી સાંસારિક એકત્રત.માં કુદરતે વિલંબ કર્યો વાંચી, અશ્રુ અંજલી. "

" પ્રિય ! ગમે ત્યાં છો, હશો—જાઓ. તો પણ આપની પ્રેમ-પત્રિકાને હું " હૃદય બન્સી " ની પેઠે નીહાળીશ—ગ ઇશ—વગાડીશ. એજ મને વ્હાલું છે. અને એજ મ્હારૂં છે. "

અષાડિ એકાદશી | આપનીજ,
કાન્તા.

[૫]

" સાંસારિક એકત્રતા. "

આ શબ્દો વસન્તે પુનઃ વાંચ્યા. તર્જની ઉપર તર્જની ગે હતી ગાયા. પત્રને છાતી સાથે દાબી, ચૂમ્બન કર્યું.

વસન્તનું મૂખ મલકયું.

વસન્તની આ શંકાશીલ ચેષ્ટા—પ્રેમચેષ્ટાને તારા ગુપ્તપણે નીહાળતી હતી.

પ્રેમઘેલો—હર્ષઘેલો વસન્ત જમવાનો વખત થવાથી પત્રને પલંગ ઉપર મૂકી, જમવા ગયો.

વસન્તના ગયા પછી, તારા તુરતજ વસન્તનાં દીવાનખાનામાં દાખલ થઈ.

પલંગ ઉપર પડેલા પત્રને લઇ વાંચ્યો.

વસન્તની વિશુદ્ધિનું શોધન કરનારીનાં હૃદયમાં આ પત્રથી નવિન ઈર્ષા થઈ.

તારાએ શેઠને ભંભેર્યા.

ભોળશેઠ ભરમાયા.

શેઠે તુરતજ વસન્તને પોતાની પાસે તેડાવ્યો.

" વસન્ત ! મ્હને ત્હારી ચિત્તવૃત્તિનું નિરિક્ષણ અને વિચાર કરતાં શંકાશીલ જણાય છે. પવિત્રદેવી શાન્તાલક્ષ્મીને પેટ આવો નીચ પુત્ર પેદા થશે, એવી જગતની માન્યતા નહોતી. તું જે કાર્યને માટે દોષિત ઠરે છે તેને માટે તેં મ્હને કહ્યું હોત, તો ત્હેનાં કરતાં હું ત્હને અધિક આપત. વસન્ત ! વસન્ત !! હું સ્વપનેપણ નહોતો ધારતો કે મ્હારી ઉજ્વળ કુલિનતામાં આવું કંટક ઉગી નીકળશે. વસન્ત ! શું ત્હારેજ માટે સંતાપ કરવાનું મ્હારા ભાગ્યમાં લખ્યું હશે ? ખેર ! જા."

વસન્ત પોતાનાં દીવાનખાનામાં ગયો.

કદળી સ્તમ્ભના ઉપર વિદ્યુત્ ત્રુટી પડે અને કદળી સ્તમ્ભ ચીરાઇ જાય, તેમ હુરકચંદસના તિવ્ર વચનોથી વસન્તનું હૃદય ચીરાઇ ગયું.

" જગત ! જગત !! શું હું ત્હારી દ્રષ્ટિએ દોષિત્ છું—કલંકિત છું ? સંસારના રમ્ય રંગ; ઉછરંગ અને ઉમંગનું, મંડન અને ખંડન એ એક ફક્ત મનુષ્યમાત્રની કલ્પનાજ સિદ્ધિ છે. પોતાની અનૂભિને

વશ થઇ; બીજાનું અનિષ્ટ કરવું, એ ક્રૂરતા છે. એ ક્રુરતાનો ભોગ હું, પીતાજી અને કેટલાક અંશે કાન્તા પણ છે. કાન્તા! નિર્દોષ કાન્તા!! હું સંસારના સંસ્કારમાંથી શુદ્ધ થવા, સન્યાસી થઇશ અલખની વિભુતી ચોળી, ભગવા ધારણ કરીશ. પણ હેનો ભોગ ત્હને થવા અંગે નહીંજ દઉં."

વસન્તનું હૃદય ભરાઇ આવ્યું.

"સુન્દરી! સુન્દરી!! કાન્તા! કુમળીકાન્તા!! મ્હેં ત્હને અન્યાય આપ્યો છે. મનોરદાસની પવિત્રમણી! હું સદાનો ત્હારો ગુનેગાર છું. તું મ્હને ઉદારદીલથી ક્ષમા કરજે."

વસન્તે કાન્તા ઉપર પત્ર લખ્યો.

અશ્રુ બિન્દુથી ભીંજાએલો પત્ર ટપાલમાં નાંખ્યો.

"પીતાજી! પીતાજી!! હું શાન્તાલક્ષ્મીનો નીચપુત્ર, આપની કુલિનતાનું કંટક જાઉં છું—જાઉં છું. પીતાજી! મ્હારે માટે સ્હજપણ આંસું ન આણશો. શોક-પશ્ચાતાપ ન કરશો. આ ત્હમારો કલંકિત પુત્ર જગતમાં નથીજ એમ ગણી, સંતોષ માનશો."

વસન્ત ગયો.

પ્રકરણ ૨ જું.

વિહારીની વીણા.

(રાગ પ્રભાત.)

" જાગ્યને જાદવા કૃષ્ણ ગોવાળિયા, તુજ વિના ધેનુમાં કોણ જાશે ?
" ત્રણસે સાઠ ગોવાળ ટોળે મળ્યા, વડો ગોવળીઓ કોણ થાશે ?
"   જાગ્ય. ?
" દહીં તણાં દહીંથરા, ઘી ભર્યાં ઘેબર, કઢીઆલાં દૂધ તે કોણ પીશે ?
" હરિ માર્યો હાથીઓ; કાળીનાગનાથીઓ, ભૂમીનો ભાર તે કોણ સહેશે ?

નરસિંહ મહેતો.

પ્રભાત થયું. ફન્દનપુરની શાણી સુન્દરિકાઓ પ્રભાતિયા ગાવા લાગી. આજે વિજયાદશમીનો દહાડો છે. ગુણિયલ ગૌરાંગનાઓ, આંગણામાં સફેદ સાથીઆ પુરી વચ્ચે કુમકુમની આડ પૂરે છે. મીઠી મૃદુતાએ કોમળ અને સુન્દર સુસ્વરથી મધુર નાદે ગાન ગાતી, હર્ષભેર આમથી તેમ ફરતી જોવામાં આવે છે. કોઈ વનિતા પોતાનાં વાછરૂને અને ગાયને છોડવામાં તો કોઇ ગાયને દોહી વાછરૂને ધવરાવવામાં મશગુલ છે. ન્હાના બચ્ચાંઓ આમથી તેમ રમે છે—કૂદે છે—દોડે છે. અને આઘા પાછા ફરી માતા પાસે આવી લાડ કરી જાય છે. માતા ત્હેને ચુમ્બા કરી તાજું અને સ્વાદિષ્ટ દૂધ પાય છે. બાળકો ફરતા ફરતા વળી માતાને ભેટી પડે છે. અને મીઠું ગુણકારી દૂધ પી જાય છે. કોઇ સુન્દરિકાઓ પોતાની નણંદને તો કોઇ પુત્રીને તેડવા ઉતાવળી ઉતાવળી દોડતી જાય છે. કેઇ યુવતિઓ સુન્દર ભૂષણથી અલંકૃત થઇ, ધીમી ઢળકતી અને લટકણભરી ચાલથી ઝીણા સુંવાળા અને સુન્દર રેશમી રૂમાલથી મીઠાઇનો થાળ ઢાંકી પોતાની બાળાને ત્હેને સાસરીએ આપવા જાય છે તો કોઇ પોતાની કુમારી પુત્રવધુઓને આપવા જાય છે. કોઇ પોતાની નણંદ ન્હાની બ્હેન તથા બ્હેનપણીને આપવા જાય છે. કોઇ બાળા પોતાની માતાને તાં કોઇ પોતાના ભાઇ અને બ્હેનને મળવા માટે સાસરીએથી પિયર હર્ષભેર જતી જણાય છે. અનેક કુમારિકાઓ અને વનિતાઓ હાથમાં ફુલની છાબ લઇ,

દેવમન્દિરમાં જતી નજરે આવે છે. પુજારીઓ પુજાના થાળ લઇ, દેવને પ્રસન્ન કરવાનાં કાર્યમાં ગુંથાયા છે. પુરૂષવર્ગ પણ પોતપોતાનાં કાર્યમાં મચેલા છે. કોઇ બજારમાંથી તરેહતરેહનાં શાક ફળ અને મીઠાઇ ખરીદવાનાં કામમાં રોકાયો છે. તો કોઇ પોતાનાં ન્હાના બાળકોને આંગળીએ વળગાડી, દેવમન્દિરમાં દર્શન કરવા તેડી જાય છે. બાળકો પુતળીઓ, ઘુઘરા, ગાડીઓ, વિગેરે રમકડાં પોતાના બાપાને દેખાડી, લઇ આપવા ખંત દેખાડે છે. બાળકો ઘેર આવી, બજારમાંથી ખરીદેલાં રમકડાં પોતાની માતાને વ્હેનને અને ભાઇને તથા પોતાનાં ન્હાનાં સાથીઓને હોંશે હોંશે બતાવી, આનંદથી મલકાય છે. થોડીવાર વિખૂટી પડેલી માતાઓ રસોઇનાં કાર્યમાં હોવા છતાં પણ બાળકને આનંદથી પોતાની પાસે બોલાવે છે. બાળક ત્હેને ભેટી પડે છે. જમવાનું તૈયાર થયું. સર્વ આનંદથી જમ્યા. આનંદની વાતોમાં દીવસ પણ વ્યતિત્ થવા લાગ્યો. સંઝા સમય થયો. દીવા ના પ્રકાશ થવા લાગ્યા. રાત્રી પડી દેવમન્દિરમાં આરતીઓ થવા લાગી. રાત્રીનું જમવાનું જમી, સ્ત્રી પુરૂષો શયનગૃહની તૈયારીઓ કરવા લાગ્યા. ઘણો ભાગ ગાઢ નિંદ્રામાં પડયો. વિજયાદશમીનો માંગલિક દીવસ પૂર્ણથવાની તૈયારીમાં આવ્યો. રાત્રીના દસ થયા.

" પ્રિયા ! કંઇ ગાવ." વિલાસરાયે રતિને કહ્યું. " પ્રિય જીવન ! ત્મે સારંગી વગાડો તો ગાઉં."

વિલાસી પેટી ઉઘાડી સારંગી કહાડી વગાડવા લાગ્યો.

સારંગી, સફેદ આરસની પુતળી જેવી, કમળ સરખા મૂખવાળી, કદળી સ્તમ્ભ જેવા જાંગોથી ભરાવ સ્થુળવાળી, ચપળ, ચંચળ અને ચકોર નેત્રવાળી, પ્રવાલસમ હોઠથી ઢળકતી, સફેદ, ઝીણા અને ચક-ચકિત્ દંતવાળી, નાજુક, કોમળ અને સુન્દર ભૂજાઓથી ઓપતી, સ્તનના ભારથી નીચી નમેલી, પતિપ્રણિત પ્રેમીલાના શરીરને અથડાઈ.

પહેરેલાં ઘુગરાં સંભાળતી, વિજળીના ચમકારા જેટલી ત્વરાથી રતિ સારંગીથી દૂર ખશી ગઇ.

માથા અને છાતી ઉપરથી ખશી ગયેલો છેડો ઢાંકીને, લજ્જાથી નીચું નમી સ્મિત હાસ્ય કર્યું.

સારંગી વધારે વધારે જોરથી વાગવા લાગી. સારંગીની રમ-ઝટ ચાલી.

સારંગીના સ્વર સાથે રતિને સ્વર એકઠો મળી નીકળવા લાગ્યો.

" દૂર દૂર દૂર દૂર જા, ભમરા તું દૂર દૂર ! (ધ્રુવ)

" કમલિનિ હું કોમળ દળવાળી,

" કાંટાવાળો તું ક્રૂર ક્રૂર !

" જા, ભમરા,૦

(શ્રીયુત ગોવર્ધનરામ)

વિલાસીએ મંદ હાસ્ય કર્યું.

" પ્રિયે ! એમકે ? ત્હમે પણ વખત વરતી ખૂબ કરી ! સાંભળો ત્યારે—

" કમલનિ તું ખોટું સમજાવે શુરી ! (ધ્રુવ)
" માનની ! આમ ન ભુલ ભુલ ! માનિની૦
" રાત રાખીને કેદ કરે, બની
" વ્રજ સમું કુળું ફુલ ફુલ ! માનિની૦
" તજી કુસુમ વન કામી કમળનો.
" શિરે ધાલે પરાગની ધુળ ધુળ ! ! માનિની૦

(શ્રીયુત ગોવર્ધનરામ.)

સારંગીના સ્વર, વિલાસીનું મલકાતું મૂખ અને મદન નયન મોહક બન્યા.

" પ્રાણ ! હું હારી અને તમે જીત્યા. "
" પ્રિયા ! જીતના બદલામાં શું આપશો ? "

રતિ શરમાઇ ગઈ. લજ્જાથી નીચું નમી. નયન હાસ્ય–પ્રેમ હાસ્ય–સ્મિત હાસ્ય કર્યું.

રતિ રમણમાં ભ્રમણ થયું.

જો ! જો ! ! સાંભળ વિહારી ! તહારી વીણા વાગી.

" કામણ દીસે છે અલબેલા તહારી આંખમાં રે;
" ભોળું ભાખમાંરે, કામણ૦ (દયારામ કાવ્ય.)
" મંદ હસીને ચીતડું ચોર્યું, કુટિલ કટાક્ષે કાળજ કોર્યું;
" અધ પડઆળી આંખે, ઝીણું ઝાંખમાંરે.
" ભોળું૦
" નખ શીખરૂપ ઘણું રહીઅળું, લટકયું સઘળું કામણગારૂં;
" છાના ખંજન રાખે પંકજ પાંખમાંરે.
ભોળું૦

(પ્રમાદઘનની પ્રભુતા.)

સ્વર કઈ દીશ એથી આવે છે, તે જોવા—સાંભળવા પ્રેમમાં લુબ્ધ બનેલું જોડું ઉત્કંઠિત બન્યું.

પ્રાણેશ ! કોણ ગાતું હશે ? આટલામાં આસપાસ કોઈ નજરે પડતું નથી. પણ સ્વર ઉત્તર દીશામાંથી આવ્યો તે ચોક્કસ. "

રતિએ બારીમાંથી પાછું ડોકીઉં કરી, વિલાસીને કહ્યું.

રતિ વિલાસીનાં મૂખ સામું જોઈ રહી.

વિલાસી મૌન્યજ રહ્યો.

" પ્રિયે ; કોનો સ્વર હશે ? "

રતિને શંકા થઈ.

" જેનો હશે તેહેનો. "

સ્વર આવ્યો અદ્રશ્ય વીણા વગી.

" પ્રેમરસ પ્રિતે પ્રેઓ પાતળિયા,

પ્રેમરસ૦

અદ્રશ્ય વીણા રતિની ઈર્ષા કરવા લાગી.

રતિએ, ક્રોધમય કટાક્ષ ફેંકી, પદ આગળ લંબાવ્યુ.

" મ્હારા મનના મોહન મલીઆ રે;
" પ્રેમરસ પ્રિતે પાઓ પાતળિયા,
પ્રેમરસ૦

વીણા ધુન ભરી વાગવા લાગી.

" સુન્દર નટવર ના મલિયારે;
" પ્રેમરસ પ્રિતે પાઓ પાતળિયા,
પ્રેમરસ૦

રતિનો વેગ વધ્યો.

" જો રતિ પતિ રંગ રસીઆ રે;
" પ્રેમરસ પ્રિતે પીઓ પાતળિયા,

પ્રેમરસ૦

વીણાની રમઝટ ચાલી.

" કાશી કરવત ધારૂં શામળિયારેઃ
" પ્રેમરસ પ્રિતે પાઓ પાતળિયા,

પ્રેમરસ૦

રતિ હવે અંગત ધા કરવા લાગી.
" મદન અગન ના મળિયા રેઃ
" પ્રેમરસ પ્રિતે પાઓ પાતળિયા,

પ્રેમરસ૦

હવે વિલાસીને સમ્પૂર્ણ ખાત્રી થઇ કે — આ સ્વર — તન-મનાટ ઉન્મત્ત અને ઉછ્ખંલ સરોજીનીનોજ છે.

સરોજીનીનાં અવિચારી કૃત્યને વિલાસીએ ગટકાવ્યું.

" અણસૂંધી સમજીજા કળિયા રે;
" પ્રેમરસ પ્રિતે પીશે પાતળિયા,

પ્રેમરસ૦

સ્વર આવતો બંધ થયો.

રતિની શંકા વધારે વધી.

રાત્રિના બે વાગ્યા,

રતિ પોતાના ડાબા હાથની આંગળી હોઠે અડકાડી, વિચાર કરવા લાગી.

વિલાસીને પ્રિયાની મૂખમુદ્રા ઝાંખી જણાઇ.

રતિની આંખમાંથી આંસુ ખરવા લાગ્યા.

વિલાસી રતિની ચિન્તા—દુઃખ સમજી ગયો.

" વ્હાલી ! તમારી ચિન્તા—દુઃખનું મ્હને કારણ કહેશો ? મ્હને દરેક પળે ત્હમારા સુખને માટે સમ્પૂર્ણ વિચાર છે. તેહની તો ત્હમને ખાત્રી છે ને ? ત્હમે ત્હમારા હ્રદયમાં ફક્ત આટલા અક્ષરતો ખાસ કરીને રાખી મૂકશો કે—" ત્હમારો વિલાસી, તે ત્હમારોજ છે. તેમ છતાં ત્હમારી તૃપ્તિ પ્રમાણે હું ત્હમારી સાથે વચનથી બંધાઇશ માટે નિર્ભયતાથી કહો."

પતિએ પત્નિને પોતાની છાતી સાથે દાબી, આંસું લૂછ્યા.

" પ્રિયત્તમ ! એક ભ્રમરની આસપાસ અનેક પૂષ્પ કળીઓ વીંટાઇ વળે, અને કાળે કરીને કોઇ પૂષ્પ કળીમાં ભ્રમર લોભાય—કેદ થાય, તો પછી બાચારી સુંઘેલી પૂષ્પ કળીનું કોણુ ? માટે મ્હને " **વચન** " આપો કે—ત્હારી હયાતિમાં, કે હયાતિ પછી પણ હું " **એક પત્નિવ્રતજ** " પાળીશ. "

અસ્તુ ! અસ્તુ !! અસ્તુ !!!

પ્રકરણ ૩ જું.

પવિત્ર કન્યા.

" અરે દીનાનાથ ! હું ત્હારા પ્રત્યેક નિયમો–ધારા–કાયદાને સમ્પૂર્ણ માન આપું છું. તું દયાળુ છો. તે છતાં પણ ત્હારી દયાવૃત્તિ, ત્હારા નિયમોનું ખંડન થયેલું જોવાને અશક્ત છે, નિરૂદ્યમીને ત્હેના આળસનું પરિણામ આપવું, એ ત્હારો સામાન્ય ધારો છે. કુદરતના નિયમોને અનુસરીને ચાલવાને સર્વ બંધાએલાં છે. ત્હારા નિયમોનું જે ઉલંઘન કરે છે; ત્હેને ત્હેની શિક્ષા ભોગવવી પડે છે, ત્હેમાં તું વચ્ચે આવવા માગતો નથી. હું ઉદ્યમ કરૂં છું; તેમ છતાં તું મ્હને સહાયતા નથી આપતો, એ મ્હારા ભાગ્યની કઠીનતા છે. પ્રભુ ! હું મ્હને કિન્ચિત્ પણ દોષિત જણાતો નથી; તેમ છતાં ત્હારી રચના શું આધારે રમે છે, તે જાણી શકવાને હું અશક્ત છું. જગનાયક ! તું મ્હને વીસરી તો નથી ગયોને ? "

મનોરદાસનું હૃદય ભરાઇ આવ્યું. ત્હેના નેત્રમાંથી ચોધારા નીર વહેવા લાગ્યા.

નિર્મળાની દૃષ્ટિ મનોરદાસના ઉપર પડી. નિર્મળા મનોરદાસની મનોવૃત્તિ જાણી ગઈ.

"પ્રાણવલ્લભ! ત્હમે શાણા છો અને આમ અકળાઓ છો શામાટે? સ્ત્રીઓ કરતાં પુરૂષોનાં હૃદય ઘણે ભાગે કઠિન હોય છે. તેમ છતાં આવું કોમળ હૈયું ત્હમને કરવું ઘટે છે? સર્વના શીરે સુખ દુઃખ આવી પડે છે, ત્હેમાં અકળાવાથી દુઃખ શું ઓછું થઇ જવાનું છે? ડાહ્યા પુરૂષો દુઃખનું કારણ શોધી; ત્હેનો ઉપાય કરી, દુઃખને દૂર કરે છે. અકળાવાથી દુઃખમાં ઘટાડો થવાને બદલે સામો વધારો થાય છે. હિમ્મત અને ટેક એજ ઉન્નતિનો ઉત્તમ ઉપાય છે. તે મતનું કોઈ સુજ્ઞ પુરૂષ ખંડન નહિજ કરે. હું આપને એમ કહેવા નથી માગતી કે આપ ખોટી હિમ્મત અને ટેકને વળગી રહો. એટલે જે જગ્યામાં તદ્દન માટી છે, એમ આપણે પુરેપુરી ખત્રી કરી છે, તે જગ્યાને ખોદી, તેમાંથી સુવર્ણ કાઢવું, એ ખોટી હિમ્મત અને ટેક લાની કર્તા છે. સર ઐઝાક ન્યુટન ઉદ્યોગથી મહાન પુરૂષ કહેવાણા. ઉદ્યોગ, ઉત્સાહ અને હિમ્મતથી કોલમ્બસે અમેરીકા જેવો ઉત્તમ દેશ ખોળી કહાડયો.

"વ્હાલી! તું જુએ છે, હું ઉદ્યોગતો કરૂંછુંજ. પણ સર્વ પ્રયત્ને માં મ્હને નીરાશાજ મળે છે."

મનોરદાસે નિશ્વાસ મૂકયો.

" પ્રિય જીવન! પ્રભુ સારૂંજ કરશે, "

નિર્મળાએ પતિને આશ્વાસન આપ્યું.

મનોરદાસ ઉભો થઇ, પાઘડી પહેરી બહાર ગયો.

નિર્મળા લમણે હાથ દઇ, દીન વદને બેઠી.

" ખરેખર ! પ્રભુ, અમે બહુજ દુઃખીઆં છીએ. નિર્દયતા અમારે માટેજ સરજાએલી છે, તે નિશંક છે. ભુંડા હીનભાગ્યે અમારે માટે હદ છોડી છે. બુરી ગરીબી અમારૂં માંસ ખાય છે. પહેરવાને પુરૂં વસ્ત્ર કે ખાવાને અનાજનું બીજ નથી. એકની એકજ રાંકડી—ગરીબડી ન્હાની બાળા દૂધ વિના રીબાય છે. પ્રથમથીજ રંક અવસ્થા, ઉદ્યોગમાં હાની અને બીજાં અનેક આવરણોથી અમારો સંસારની ક્રૂરતામાં વાસ છે. દીન દયાળ ! ત્હારી દયાનો અમારે માટે સદાનો નાશ થઇ ગયો છે."

ન્હાની કાન્તા જાગી.

માતાએ કાન્તાને ખોળામાં લઇ, માથે હાથ ફેરવ્યો.

" કાન્તા માતાનું—જગતનું; નિર્દોષ રત્ન—પવિત્ર રત્ન, શું તું સંસારની દુર્ઘટતામાં સદાને માટે છુપાએલુંજ રહેશે ? "

માતા કાન્તાના મુખ સમું જોઇ રહી.

"વ્હાલી કાન્તા ! નિર્દોષ અને પવિત્ર ગુલાબ, શું અમારાં હીન ભાગ્યમાં ત્હારો પણ ભાગ છે ? ત્હારા જન્મ પહેલાં; મ્હને સર્પદંશ થયો હોત, તો હું નિર્દયતાના આરોપમાંથી મૂક્ત હતી. તું ત્હારી નિર્દય અને ક્રૂર માતાને ક્ષમા કરજે."

માતાનું હ્રદય ભરાઈ આવ્યું. ત્હેની આંખમાંથી આંસુ ખરવા લાગ્યાં.

માતાનાં આંસુ, ન્હાની કાન્તાનાં મુખ ઉપર પડયાં.

કાન્તાએ; માતાનાં મુખ સામું જોઈ, રડવા માંડયું.

"મ્હારી કૂમળી કાન્તા ! તું ત્હારી દયાહીન માતાને માટે, ઉદાર થા. ત્હારી રીબાએલી માવડીનાં હ્રદયને વીંધિ નાંખ નહિ. પ્રભુ ! પ્રભુ !! વિશ્વાધારા, ત્હને આ ન્હાની નિર્દોષ બાળાની દયા નથી આવતી ?"

કાન્તાએ વધારે વધારે રડવા માંડયું.

માતાએ કાન્તાને પોતાની છાતી સાથે દાબી. માતાની આંખમાંથી ચોધારા આંસુ વહેવા લાગ્યા.

કાન્તા વધારે જોરથી રડવા લાગી.

" નિર્મળાની નિર્દોષ કાન્તા (પવિત્ર કન્યા) તું ક્ષમાવાન થા, ક્ષમાવાન થા."

માતા ચોધારા આંસુથી રડતી, છાતીફાટ રૂદન કરવા લાગી.

(રાગ—સીતાજીના મહીનાનો.)

" મ્હારી કૂમળી કાન્તુડી, વ્હેની બાલુડીરે.
" ત્હારી રક્ષા; કરશે ઈશ, ફરતી એની છાંયડીરે.
" હુંતો પૂરવ જનમની, વેરણ ત્હારીરે.
" તેને તું કરજે ક્ષમા, દયા દીલે ધારીરે,
" વ્હાલી વ્હેની બાપુડી, છો ઉદાર શાણીરે.
" હવે મુજને તું દે છોડી, અભાગી રંક જાણીરે.
" હુંતો નિર્દય નમેરી, ત્હારી માવડીરે.
" તેનું નથી કાંઇ જોર, ખરેખર બાપુડીરે.

પ્રકરણ ૪ થું.

પ્રેમની ભીખારણ.

"માતા! મ્હારી માતા શાન્તાલક્ષ્મી તું મરી ગઇ અને મ્હને કેમ મૂકી ગઇ? હું ત્હારી દુઃખી દીકરી સંસારમાં સર્વ તે આશાવાળી અને અળખામણી છું. માતા, ત્હારા વિના મ્હારાં કાલાં ઘેલાં અને અટક્યાળા કોણ સ્હેશે? ત્હારે મ્હને આમ છેકજ વીસારવી હતી તો લાડવાય રાખી શ્યાને? ત્હને ત્હારી રીબાતી રાંકડી સરોજીનીની દયા નથી આવતી? માતા! માતા!! શાન્તાલક્ષ્મી તું સ્વર્ગમાં હો, સ્મશાનમાં હો, વાયુમાં હો, પંચતત્વમાં હો, કે ત્હને જ્યાં ગમે ત્યાં હો, પણ ત્હારી દુઃખી દીકરીની દયા લાવી, ત્હેને ત્હારી સોડમાં છૂપાવવા, ત્હારો હાથ લંબાવજે. માતા! વ્હાલી માતા!! ત્હારા વિના મ્હારૂં કોઇ નથી. આ જગત જીવતર ખારૂં છે, અકારૂં છે, નકામું છે, સુનું છે."

" ગોળ વિના જેવો કંસાર.
" માત વિના સુનો સંસાર.

સરોજીની, દ્વારકાદાસની ઉન્મત અને ઉછ્રંખલ કુમારી, શાન્તાલક્ષ્મીની ભોળી અને અજ્ઞાન બાળા, આ કડી બે ત્રણ વાર મ્હોડેથી લવી.

સરોજીનીની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં.

" માત વિના, સુનો સંસાર.

આ કડીના ઉપર ભાર મૂકી, ફરીવાર લવી.

સરોજીનીનું હૃદય નિરંકુશ બન્યું.

" માતા ! વ્હાલી માતા !! ત્હારી ઘેલી સરોજીનીને, ત્હારી દુઃખીઆરી સરોજીનીને ત્હારા સુખની ઈર્ષા આવે છે. બાઈ ! બાઈ !! વસન્ત ! વસન્ત !! પ્રપંચી તારાના પ્રપંચનો ભોગ થઈ, પીતાજીના અસહ્ય શબ્દો સહન ન થવાથી, તું પણ ગયો. વીરા ! વ્હાલા વીરા !! શાન્તાલક્ષ્મીનાં સુગુણી રત્ન તું ક્યાં હોઈશ ? શાન્તાલક્ષ્મીની શિતળ અને સુખરૂપ ગોદમાંતો નહીંજ પોઢ્યો હોને ? ના; ના, તું સંન્યાસી

બની, જગતનાં પવિત્ર ધામમાં હોઇશ. અરે ! પણ એતો ફક્ત કલ્પનાઓજ છે. બાઇ ! ત્હારી બાળ કોણ કાઢે તેમ હતું ? ત્હારી કોને દયા ? ત્હારી કોને ફિકર છે ? કોઇને નહીં. સંસારમાં એકજ માતાના છોરૂઓ, કુદરતના પવિત્ર નિયમથી અપૂર્વ લાગણી ધરાવવાને માટે બંધાએલાં છે. તે નિયમનું તેં તો ખંડન કર્યું. પણ હું તો ખંડન નહીંજ કરૂં. હું તો ત્હારો શોધ કરવાને માટે, **અલેકઝાંડર** મહારાજાની પેઠે આશાને પેગડે પગ મૂકી, લ્હડાઇ કરીશ. આ લોકના અપૂર્ણ ઉત્સાહમાં મૂકાય તેટલો વેગ મૂકીશ અને તેમાંથી પરિણામ આવો કે ન આવો. પણ હું હવે ગામોમાં, જંગલોમાં અને પર્વતોમાં આથડીશ અને ત્હારો શોધ કરીશ."

"અરે ! પણ એ તો ફક્ત એક મ્હારી અવિચારી કલ્પનાજ છે. હું પીતાજીનું ઘર છોડી, બાઇની શોધ કરવા નીકળીશ. ત્યારે પ્રપંચી તારા મ્હારા ઉપર અનેક જાતનાં જૂઠાં અપવાદ મૂકશે. જગત પણ ત્હેમાં ઉમેરો કરશે. ત્યારે હવે મ્હારે શું કરવું ? મ્હારા અસહ્ય દુઃખનો અંત કેવી રીતે આણવો ? મ્હારી દુઃખીઆરીની દયા ખાનાર કોણ ? મ્હારો છેવટનો આધાર, છેવટની આશા કોના ઉપર ?

"હું મ્હારી સર્વ આશાઓ વિલાસીનાં ઉપર છોડું તો કેમ ? વિલાસી મ્હારા વ્હાલા બાઇ વસન્તના મિત્ર છે. વિલાસી પ્રત્યે મ્હારો અખંડ અમર પ્રેમ છે. ત્હેનો પ્રેમ મ્હારા પ્રત્યે હશે કે કેમ ? તે અનિશ્ચિત છે."

" પ્રેમરસ પ્રિતે પીશે, પાતળિયા રે.

" આના ઉપરથી સ્પષ્ટ જણાય છે કે વિલાસીનો પ્રેમ મ્હારા પ્રત્યે છે. તેમ છતાં ત્હેમાં કોઈ જાતનું બંધન હશે, તો વસન્તના મિત્ર તરીકેની ત્હેની ફરજ ખાતર તે મ્હારી દયા ખાશે. એટલુંજ નહિ પણ હું ત્હેને અત્યાગ્રહથી કરગરીશ, કાલાવાલા કરીશ, રગીશ. ખરેખર ! ત્હેને મ્હારી દયા આવશેજ અને કદાચ નહીંજ આવે, તો છેવટ આત્મહત્યા તો છેજ ને. ઠીક ! ત્યારે પત્ર લખી, નિર્ણય કરૂં "

પત્ર લખ્યો.

વાંચવા માંડ્યો.

" પ્રિય !

હું આપને મ્હારા પ્રિય તરીકે, મ્હારા હૃદયમાં સ્થાપી ચૂકી છું. તે બંધનને આધારે મ્હારૂં સર્વસ્વ હું આપને અર્પણ કરૂં છું. તે મ્હારાં નહીં તો વસન્તનાં દુઃખ—દયાની ખાતર સ્વીકારવા કરગરૂં છું. ત્હેનો અસ્વીકાર કરશો તો વસન્તની દુઃખીઆરી બ્હેન, આ જગતનાં

જીવનમાંથી સદાને માટે મુક્ત થશે. અને આપના વસન્ત પ્રત્યેના પ્રેમમાં ન્યુનતા રૂપી કલંકની છાયા આવશે.

દીલાસા પત્ર તુરતજ મળવા પ્રાર્થના કરૂં છું.

શ્રીકૃષ્ણ જયન્તિ.

આશાતુર.

સરોજની.

પત્ર વાંચતા વાંચતા, સરોજનીનાં મુખ ઉપર શરમ અને ગ્લાનીના પથરાઈ ગયા. હૃદય કમ્પવા લાગ્યું. આશા અને નિરાશાના સમુદ્ર વચ્ચે ઉછળવા લાગ્યું.

પત્ર રવાના કર્યો.

" જગનાયક ! મ્હારૂં જીવન જગતને સંતાપ રૂપ છે. ત્હારી રચના શું આધારે રમે છે તે જાણી શકવાને હું અજ્ઞાન બાળા અત્યારે અસમર્થ છું. દયાસિન્ધુ પ્રભુ ! ત્હારી દયાવૃત્તિ ઉપરજ મ્હારી સર્વ આશાઓનાં મંડન અને ખંડનનો સંપૂર્ણ આધાર છે. જગતના સર્વ

પ્રદેશમાં પર્યટણ કરતી, નિર્દયતા–ક્રુરતા ને તું મ્હારે ખાતર અટકાવી રાખજે. એ ચી લેજે અને તેમ કરતાં ત્હારી નિમિત્તતાનું ખંડન થતું હોય, તો હું ત્હારાજ શરણમાં છું.”

સરોજીનીનું હૃદય ભરાઇ આવ્યું. ત્હેનાં નેત્રમાંથી ચોધારાં નીર વહેવા લાગ્યાં.

દાદર ઉપર કોઇના ચડવાનો અવાજ સંભળાયો.

પોસ્ટમેન આવી, પત્ર આપી રવાના થયો.

પત્રનાં સીરનામા ઉપરનાં અક્ષરથી ખાત્રી થઇ કે પત્ર વિલાસીનોજ છે.

પત્ર તુરતજ આવેલો જોઇ, અધિરીનાં મનમાં આશાનું કીરણ ઉત્પન થયું પત્રને વ્હાલથી છાતી સાથે દાબ્યા, ચૂમ્બન કર્યું.

પત્ર ફોડ્યો.

પત્ર ફોડતાં ફોડતાં હાથ થરથરવા લાગ્યા. હૃદય કમ્પવા લાગ્યું.

પત્ર વાંચવા માંડ્યો.

"મ્હેન સરોજની.

ત્હારી અવિચારી માંગણીનો સ્વીકાર કરવા, હું સર્વ પ્રકારે અસમર્થ છું. વસન્ત મ્હારાં સ્નેહી રત્ન છે. વસન્ત એજ મ્હારૂં ખરેખરૂં તન, મન અને ધન છે. તેહની શોધમાં હું જાઉં છું. હું વસન્તને ખાતર મ્હારા દેહની આહુતી આપીશ પણ વસન્તને શોધ્યા વિના પાછો નહીંજ ફરૂં.

મ્હેન ! શાણી મ્હેન !! ત્યાં સુધી તું ધૈર્ય રાખી, રહેજે. ત્હારૂં સર્વ પ્રકારે હિત કરવું, એ મ્હારી પહેલી અને ખાસ ફરજ છે. પ્રભુ દયાળુ છે તે સારૂંજ કરશે.

પ્રભુના ઉપરજ આસ્થા અને આશા રાખી, પ્રભુભક્તિ કરજે.

પ્રભુ ત્હને સન્મતિ આપો.

શ્રાવણ વદી ૫   શુભ ચિન્તક.

વિલાસી.

પત્ર પૂરે પૂરો વંચાઈ રહ્યો.

કદળી સ્તમ્ભના ઉપર જેમ વિદ્યુત ત્રુટી પડે, અને કદળી સ્તમ્ભ ચીરાઇ જાય, તેમ સરોજીનીનું હૃદય ચીરાઇ ગયું.

“ અરે ! પ્રભુ, મ્હારી દુર્ભાગ્યણિની સર્વ આશાએ નષ્ટ થઇ ગઈ. આશાઓનું પીંજર ત્રુટી ગયું. હવે પંખીડા ઉડીજા ! ઉડીજા !! બીજા પીંજરમાં જઇને બેશ.

ચાલ્યો જા ! ચલ્યો જા !! ચાલ્યો જા !!!

હાય ! હાય !! હાય !!! ”

સરોજીની બેભાન થઇ, ભૂમી ઉપર ઢળી પડી.

ચાકરો દોડી આવ્યા. તારા આવી. દ્વારકાદાસ શેઠને આ સમાચાર તુરતજ પહોંચાડવામાં આવ્યા, શેઠ આવ્યા, સરોજીનીની સ્થીતિ જોઇ, શેઠને શાન્ત લક્ષ્મી યાદ આવ્યા. શેઠનું હૃદય ભરાઇ આવ્યું. તેહેની આંખમાંથી ચોધારા આંસુ વહેવા લાગ્યા. સરોજીનીને ગુલાબજળ વિગેરે ઉપચારો કરવા માંડ્યા.

સરોજીનીએ પાસું બદલ્યું. નેત્રો ઉઘાડ્યાં. શેઠ હર્ષિત થયા. સરોજીની જાગૃત થઇ, સ્વસ્થ થઇ પીતાની પાસે બેઠી પીતાએ સરોજીનીને માથે હાથ મુક્યો.

“ બ્હેન ! ત્હારૂં શરીર હાલમાં દીવસે દીવસે નબળું થતું જાય છે. ગરમીની ઋતુ છે. તો મ્હારો વિચાર ત્હને થોડા વખતને માટે કુમસ રાખવાનો છે. હું ત્હારી સાથે ત્હારી બ્હેનપણી સરલા અને

ડૉકટર સુમન્ત તથા ચાકરોને મોકલીશ. ત્હમારે અંહિથી એક બે દીવસમાં નીકળવાનું થશે. તો તું તૈયાર થઇ રહેજે."

"જેવી પીતાજીની આજ્ઞા."

સરોજીનીએ બે હાથ જોડી, પીતાજીને નમ્રતા પૂર્વક કહ્યું.

દ્વારકાદાસશેઠ ગયા.

દ્વારકાદાસશેઠે નિર્ણય કરેલા દીવસે સરોજીની વિગેરે ડુમસ જવા રવાના થયા. ડુમસ આવ્યું. ડુમસમાં સમુદ્ર કીનારે દ્વારકાદાસ શેઠનો મહેલ હતો. મહેલની આજુબાજુ સુન્દર અને મનહર બાગ હતો. ત્હેમા સરોજીની વિગેરે એ નિવાસ કર્યો. ડુમસની શિતળ સુખકર હવા અને ડૉકટરની સમ્પૂર્ણ કાળજી છતાં સરોજીનીનું શરીર દીવસે દીવસે વધારે નબળું થવા લાગ્યું.

સંઝા સમયે સરોજીની, સમુદ્ર કીનારે ઉભી રહી, કુદરતની કળાનું અવલોકન કરે છે. તે સાથે સમુદ્રમાં પડી, સમુદ્રમાં કોઇના પડવાનો અવાજ સાંભળી, સરલા ડૉકટર સુમન્ત અને ચાકરોનું તે તરફ લક્ષ ગયું. સમુદ્રમાં તણાતી સરોજીનીને જોઇ, ડૉકટર સુમન્ત ત્હેની પાછળ સમુદ્રમાં પડ્યો. સમુદ્રમાં આગળ તણાતી સરોજીની અને પાછળ લાંબી છલંગો મારતા ડૉકટર સુમન્તની પાછળ અનેક દ્રષ્ટિઓ ખેંચાવા લાગી. પણ ભાવીની પ્રબળતાનો પાર પામવા કોણ સમર્થ હોઇ શકે?

પ્રકરણ ૫ મું.

સૌમ્યક વનમાં વસન્ત.

વિદ્યાગીરિની તળાટીમાં આવેલાં સૌમ્યક વનમાં શિતળ સુન્દર અને નિર્મળ પાણીનાં ઝરા હતા. વનમાં અનેક જાતનાં જંગલી ઝાડોનાં જૂથ હતાં. તે સાથે ઝરાની આસપાસ કેટલાંક સુગંધમય ન્હાનાં ઝાડો ાં છોડ હતાં. ત્હેનાં ઉપર સુન્દર પૂષ્પો ખીલી રહ્યાં હતાં. વનમાં જાત જાતનાં પક્ષીઓ કોલાહલ કરતાં હતાં. વન નિર્જન હતું. તો પણ સિંહ વ.ઘ કે એવા બીજા રાની પશુઓની ત્હેમાં વસ્તી નહોતી. સંઝાને સમયે શિયાળ, સસલાં, હરણ વિગેરે જાનવરો ઝરાનું નિર્મળ જળ પીવાને આવતા. તેઓ ઝરાની આસપાસ આમથી તેમ દોડી, ઠેકી કૂદી બૂમરાણ મચાવતા ન્હાનાં સુન્દર અને મધુર પક્ષીઓ, એક ઝાડ ઉપરથી બીજા' ઝાડ ઉપર, અને બીજાં ઝાડ ઉપરથી પહેલાં ઝાડ ઉપર, બેશી ઉડતાં ફરતાં અને સુન્દર શબ્દોથી મધુર ગાન ગાઈ, આનંદ કરતા. ચકવા, ચકવી, ચાતક અને

દેવચકલી ચી, ચી, ની કારમી ચીચીઆરીઓ કરી, વનને ગજાવી મૂકતી. રસ અને સુગંધના ભોગી ભમરો આ છોડ ઉપરથી પહેલાં છોડ ઉપર અને પહેલાં છોડ ઉપરથી બીજાં છોડ ઉપર બેશી, ત્હેની સુન્દર મનોહર પૂષ્પ કળીઓને અને પૂષ્પોને ખેરી નાંખતા આ સર્વ દેખાવ મોહક અને રમ્ય હતો.

આ તળાટીથી થોડે દૂર મહાત્મા મહેન્દ્રનાથસેનનો પવિત્ર આશ્રમ હતો. વસન્ત પ્રપંચી તારાના પ્રપંચનો ભોગ થઇ, પીતાજીનાં અસહ્ય શબ્દો સહન ન થવાથી, કૂન્દનપુરથી મહાત્મા મહેન્દ્રનાથસેન પાસે સન્યસ્થવ્રત ધારણ કરવાને આવેલો છે. મહાત્માએ વસન્તની પરિક્ષા કરી, વસન્તને ઉત્તમ જ્ઞાનથી લૂબ્ધ થયેલો જોઇ, સન્યસ્થવ્રતનો ઉપદેશ મંત્ર આપી, પોતાની પાસે રાખેલો છે.

અત્યારે વસન્ત મહાત્માના શિષ્યો ભવભૂતિ અને વિરેન્દ્રનાથ સેન સાથે આશ્રમ નજીક બેઠેલો છે.

" મહાત્મા વસન્તજી ! આપણે જગતનાં અંધકારમાંથી પ્રકાશમાં આવ્યા છીએ. પણ આ પ્રકાશનાં આ પવિત્ર સ્થાન–સન્યસ્થવ્રત કરતાં, બીજું વધારે પ્રકાશનું સ્થાન હશે કે નહિ ? "

વિરેન્દ્રનાથસેને વસન્તને પશ્ન કર્યો.

" મહાત્માજી ! આ આત્માનું સ્વપન છે. પણ માયાનું જાગૃત છે.

તેમ છતાં ઉચ્ચ મનોબળ એજ શ્રેષ્ટ છે આપણે કોઇ પણ સ્થાનમાં હોઇએ, પણ સરલ યા વિકટ દરેક ક્ષણે ક્ષણે ઉચ્ચ મનોબળ, દ્રઢતા, ટેક, સાત્વીકપણું, એજ સર્વોત્તમ પ્રકાશનું સ્થાન છે.”

વસન્તે ખુલાસો કર્યો.

“મ્હાત્મા વસન્તજી ! સંસારમાં જન્મ ધરીને પ્રભુ ભક્તિ એ પણ એક ઉચ્ચતાનું પવિત્ર સ્થાન છે.”

ભવભૂતિ વચમાંજ બોલી ઉઠયો.

ભવભૂતિએ મ્હોટે સ્વરે ગાયું અને ત્હેમાં બન્ને ભળ્યા.

“ હરદમ ઐસા હરિજન કોઈ (પ્રાચીન વાક્ય છે.)
“ તનકી અગન બુઝાવેગા ?
“ પુરન પ્યાલા પીઆ હરિયકા—
“ ફેર જન્મ નહી પાવેગા ! ”

(શ્રીયુત ગોવર્ધનરામ.)

પ્રકરણ ૬ ઠ્ઠું.

કાન્તાની પવિત્રતા.

સમયનું ચક્ર ફર્યું.

મનોરદાસની દીન દશા દૂર થઇ. નિર્મળાનાં હિમ્મત ભર્યાં શાન્ત વિનયી વચનોથી મનોરદાસની નીરાશા ઉડી ગઇ. ઉત્સાહ વધ્યો. મનોરદાસે પુનઃ પ્રયાસ કર્યો. સફળ થયો.

મનોરદાસ પોતાનાં કુટુમ્બ સહીત વિલાસપુરથી મુમ્બાઇ નગરીમાં આવી રહ્યો છે. તે આજે કોટમાં એક ધનાઢ્ય આબરૂદાર વ્યાપારીની પેઢીમાં માસિક રૂપિયા સવાસોના પગારથી કેશીઅર છે. દુઃખી અને દીન કુટુમ્બ આજે સુખી છે. કાન્તા બાલ્યાવસ્થામાંથી યુવાન વયે પહોંચેલી છે. કાન્તાને ચાર દહાડા પછી સોળમું વર્ષ બેસશે. કાન્તાનું વેવીશાળ દ્વારકાદાસશેઠના પુત્ર વસન્ત સાથે થયેલું હોવાથી, દ્વારકાદાસશેઠ જેવા પ્રતિષ્ઠાપાત્ર વહેવાઈ અને વસન્ત જેવા વિદ્વાન, ઉંચી કેળવણી પામેલા સુકુમાર જમાઇને માટે મનોરદાસ અને નિર્મ-

ળને માન હતું. કાન્તાના સમ્બંધથી પોતાનું કુટુમ્બ સંસારની ગણનાલાયકમાં આવ્યું માની, માતા મલકાતી—હરખાતી. દમ્પતિનું સૌભાગ્યવંતુ જોડું બનતી ત્વરાએ નિહાળવા, માતાને સમ્પૂર્ણ ઉછરંગ—આનંદ હતો. પણ ત્હેમાં ઢીલ થવાથી, માતાની અધિરાઈ વધી. મનોરદાસ નિર્મળાને ત્હેને માટે વારમવાર યોગ્ય શબ્દોથી સંતોષતો. તો પણ નિર્મળાએ અત્યાગ્રહ કરી, "કાન્તાએજ મ્હારૂં લાડકું રત્ન છે." વિગેરે કહી, કાન્તાનાં લગ્નને માટે મનોરદાસને દ્વારકાદાસશેઠ ઉપર બીજીવાર પત્ર લખવા પાર્થના કરી. તે મુજબ મનોરદાસે દ્વારકાદાસ શેઠ ઉપર પત્ર લખ્યો. પતિ પત્નિ પ્રત્યુત્તરની રાહ જોવા લાગ્યા.

કાન્તા અગાશીમાં પડેલી, આરામ ખુરશી ઉપર બેશી "**સતી મંડળ**" નું પુસ્તક વાંચે છે.

દાદરનાં પગથીઆં ઉપર કોઈના ચડવાનો અવાજ થયો.

દ્વાર ઉઘડયું.

પોસ્ટમેન આવી, પત્ર ટેબલનાં ઉપર મૂકી, ચાલતો થયો.

પત્રનાં સીરનામા ઉપરનાં અક્ષરથી કાન્તાની ખાત્રી થઈ કે પત્ર પોતાના પ્રિય જીવન વસન્તનોજ છે.

પત્રને વ્હાલથી છાતી સાથે દાબી, ચૂમ્બન કર્યું. પતિ પ્રણિત પ્રેમીલાએ પત્રને પૂષ્પથી વધાવ્યો.

પ્રેમ ઘેલી, પતિ ઘેલી, પ્રમદાએ પત્રને ફોડી, વાંચવા માંડયો.

દ્વાર ખડખડ્યું.

બાળા એચિન્તી ઝબકી જાગી. આસપાસ જોવા લાગી. નિર્મળા આવી. કાન્તાએ પત્રને પોતે પહેરેલી ચોળીનાં ગજવામાં સંતાડ્યો.

"બ્હેન ! શોણીતપુરથી આજે મ્હોટી મામીનો પત્ર છે. સુભદ્રા ભાભીને શ્રીમંતનું મૂહુર્ત આસો વદી તેરશ ગુરૂવારનું છે. તે પ્રસંગે ત્હને મોકલવા અત્યાગ્રહ કર્યો છે. ત્હારા બાપા કહે છે કે "મ્હોટા મામાનો સ્વર્ગવાસ અને કાન્તાને ન મોકલીએ તો રૂક્ષ્મણી મામીને ઓચ્છું આવે માટે કાન્તાને મોકલવી પડશે." માટે તૈયાર થઇ રહેજે આજે પાંચમ તો થઇ."

માતા કાન્તાને પત્ર આપી, ગઇ.

કાન્તાએ મામીનો પત્ર કોરાણે મૂકયો. પોતાની ચોળીનાં ગજવામાંથી પ્રિય જીવન વસન્તનો પત્ર ક્હાડયો—વાંચવા માંડયો.

" સંસાર સાગર, સમજી અમી.
" દીધાં છોડી, પીતા ભગની;
" જરી ના દોષ, દીલે ધરજે,
" ગુણી કાન્તા ! ક્ષમા કરજે. ૧
" અખંડિત્ પ્રેમનાં ઝરણાં !
" વહ્યાંને; ગયાં, ઝૂરે નયનાં;
" હવે સ્વર્ગે, સુખે મળજે,
" ગુણી કાન્તા ! ક્ષમા કરજે. ૨

" હૃદયના ઘા; ભેદાતા,
" લખ્યા એ, લેખવિધાતા.
" હવે ત્હેને, વીસરજે,
" ગુણી કાન્તા, ક્ષમા કરજે. ૩
" તૂટેલાને તું, તોડીદે.
" બીજામાં જીવ, જોડીદે;
" દુઃખીની દાઝ, ઓલવજે,
" ગુણી કાન્તા ! ક્ષમા કરજે. ૪
" અહો ઉદાર ! શાણીરે,
" મ્હને દુઃખી, અજ્ઞાન જાણીરે;
" જરી ના રોષ, શીરે ધરજે,
" ગુણી કાન્તા ! ક્ષમા કરજે. ૫
" તું હૃદય ચક્ષુથી, બેટીલે,
" વિધીનું ધાર્યું, વેઠીલે;
" હવે મુજને, તું વીસરજે,
" ગુણી કાન્તા ! ક્ષમા કરજે. ૬
"
"
"
" ૭

કદળી સ્તમ્ભનાં ઉપર જેમ વિદ્યુત ત્રૂટી પડે, તૂ ! અને કદળી સ્તમ્ભ ચીરાઇ જાય તેમ કાન્તાકુમારીનું હૃદય ચીરાઈ ગયું. આશા પલકમાંજ નિરાશાનાં રૂપમાં ફેરવાઇ ગઇ. આશાનાં અંકુર કરમાઈ ગયાં.

" જગત ! જગત ! ! ત્હારો સામાન્ય ધારો છે કે—

" અવનિ પરથી; નભ ચડ્યું,
" વારિ પડેજ પાછું, ત્યાં ને ત્યાં;
" ઠુંકુ કર્મ ઠુંકુ, રહેવાનું,
" સરજેલું આ સૃષ્ટિમાં.

(શ્રીયુત ગોવર્ધનરામ)

આ ધારામાં તું સૂધારો નહીં કર તો ત્હને પણ અશકય છે. "

" કાન્તા ! પવિત્ર કાન્તા ! ! પવિત્ર કન્યા ! ત્હારા કોમળ હૃદયને દુઃખ સહન કરવાને પરમાત્મા અપૂર્વ શક્તિ આપો. "

" અરે આ શું ? સ્વપ્ન કે જાગૃત અવસ્થા. પવિત્ર પતિ ! પ્રપંચી તારાની પાપવૃત્તિમાં, નિર્દોષ પતિની આ દશા ? ત્યારે મ્હારે માટે ઉત્તમ શું?આત્મહત્યા.આત્મહત્યાનું મહાપાતક મ્હારે વહોરવું પડશે? ખરે! મ્હારા સંચિત. અરે ! પણ આત્મહત્યા. આત્મા એટલે જીવ જીવની હત્યા—જીવનોનાશ. જીવતો અમરછે તે એક સ્થૂળ બદલી બીજાં

સ્થૂળમાં જાય છે. તો પછી ત્હેની હત્યા– ત્હેનો નાશ શે: ? નાશવંત તો શરીર છે. પણ તેમ કરવાથી આત્માની શાન્તિ થશે કે ? તે અનિઃશ્ચિતછે. કારણ કે—પતિભક્તિ વિના મોક્ષ નથી. મોક્ષ વિના સ્વર્ગ નથી. સ્વર્ગ વિના સુખ નથી અને સુખ વિના શાન્તિ નથી. તો શાંન્તિ મેળવવાનો અત્યુત્તમ ઉપાય પતિ ભક્તિજ છે.

“ પતિ ! હું આપની સાથે સાંસારિક, ધાર્મિક અને આત્મીક જીવનથી જોડાએલીછું. ત્હેમ છતાં આપે મ્હારો ત્યાગ કર્યો. હું નિર્દોષછું ત્હેમ છતાં મ્હને અન્યાય આપ્યો. આપે ઉદાર દીલથી બીજા પતિ સાથે જીવન જોડવા આગ્રહ કર્યો. ત્યારે શું શાન્તિ મેળવવાને માટે મ્હારે આમજ કરવું ! આપને વીસરી જવા ? ”

“ પતિ ! પતિ !! પ્રાણાધાર ! વ્હાલા વસન્ત ! જે પ્રેમ— અંગ—પ્રાણ આપને અર્પણ થયેલાં છે. તે બીજાના થઇ, અપવિત્ર કેમ બને. કલંકિત જીવન વ્યતિત કરવું, ત્હેનાં કરતાં જીવનનાં નાશ કરવો શ્રેષ્ટ છે. અપવિત્ર અંગને; હીરાના હાર, માણેકનાં કંકણ, કુન્દન જડેલી કંચુકી અને સુન્દર સાડીથી શોભાવવું તે શબને શોભાવવા સમાન છે. પવિત્ર અંગે ભગવી કન્થા, કંઠે રૂદ્રાક્ષની માળા, કાનમાં તલંગ અને કપાળે વિભુતી, ઉજ્વળ છે. અપવિત્ર અંગથી, મોક્ષ, સ્વર્ગ, સુખ અને શાન્તિ પ્રાપ્ત કરવાં ત્હેનાં કરતાં તીણાં હથીઆરની ધાર ઉપર ભેદાવું, હજાર દરજ્જે ઉત્તમ છે. ”

" પવિત્રતા ! મ્હારી વ્હાલી પવિત્રતા !! મ્હારી સદાની સુખ દુઃખની સાથી પવિત્રતા !!! ત્હારે ખાતર મ્હારા જેવી હજારો બાળાઓ, છેદન, ભેદન અને મર્દન થઈ જાઓ. લોહીની નદીઓ ચાલો. માંસનાં ટુકડે ટુકડા થઇ જાઓ પણ પવિત્રતા ન તજો ! ન તજો !! ન તજો !!! "

" ધન્ય છે ! ધન્ય છે !! પવિત્ર કન્યા (કાન્તા) ત્હારી પવિત્રતાને, ધન્ય છે. "

કાન્તાએ પતિના પત્રને છાતી સાથે ભીડયો. ચૂમ્બન કર્યું. પત્ર ને અશ્રુઓથી ભીંજવતી, કાન્તા હૈયા ફાટ રૂદન કરવા લાગી.

" પતિ ! પ્રાણ !! આપ જંગલમાં હશો, પહાડમાં હશો, ગુફામાં હશો, સમુદ્રમાં હશો, સ્વર્ગમાં હશો કે ગમે ત્યાં હશો, તો પણ હું આપને શોધી કાઢીશ. આપને ખાતર ભગવી કન્થા ધારણ કરી, છેવટ દેહની આહુતી આપીશ. પ્રિય હૃદય જીવન આપે મ્હારો ત્યાગ કર્યો પણ હું આપનો ત્યાગ નહીં કરૂં. પ્રાણ ! પ્રેમના, પવિત્રતાના આવેશમાં અન્યાયનો, ક્રોધનો, આવેશ છુપાઇ જાય છે. મ્હને મ્હારી દયા આવે છે ત્હેના કરતાં આપની દયા વધારે આવે છે. પતિ ! પતિ !! આમ ના ઘટે.

" પ્રેમ દોરીએ અશ્રુ પારલા,
" પરોવી પહેરૂં માળા.

(નંદ બત્રીશી.)

" પ્રભુ ! ક્રુરતાની કાળી છરી ત્હેં મ્હ.રેજ ખાતર છુપાવી રાખી હતી. દીનદયાળ ! ત્હારી દયામાં મ્હારો ભાગ છે. હું ત્હારી દુ:ખીઆરી લાચાર બાળા છું. પ્રભુ ! તું અનાથનો નાથ છો. શરણાંગતનો સહાયક છો. હું ત્હારી સહાયતાની વાટ જોઉં છું.

" વ્હાલા વહેલા આવજે—
" સુભદ્રાના વીરારે !
" દીન દાસી, જૂએ વાટ—
" બન્ધુ હળધરના ધીરારે.

" અભાગણી આ રાંકડી, ટળવળે તમ માટ,
" સહાય કરો તમે શ્રી હરિ, જોવરાવો નહિ વાટ.
" વ્હાલા૦

" વ્હાલા વસન્તને ભેટવા, અધિરી થઇ અબળા;
" શક્તિ આપી, શ્રી હરિ ! મુજને કરો સબળા
" વ્હાલા૦

" પવિત્રતા મ્હારી પ્રભુ, તું સાચવજે નવખંડ;
" શિયળ મ્હારૂં સંભાળવા, પ્રભુ બનજે તું પ્રચંડ;
" વ્હાલા૦

" કાન્તા ! પવિત્ર કાન્તા !! પવિત્ર કન્યા, હવે ત્હારી અશ્રુ-અંજલીને કોરાણે મૂકી, મોસાળમાં જવાની તૈયારી કર. "

નિર્મળાએ નકકી કરેલા દીવસે કાન્તા મોસાળ જવા રવાના થઇ. શોણિતપુર આવ્યું કાન્તા મોસાળ આવી. મામી વિગેરેને મળી—ભેટી ઉપરથી આનંદ બતાવી, સર્વ સાથે રહેવા લાગી.



પ્રકરણ ૭ મું.

વિલાસી.

સંધ્યા સમય થયો.

સૂર્યનારાયણ અસ્ત થવાની તૈયારીમાં છે. આકાશ સ્વચ્છ અને ખુલ્લું થયાં છતાં તેહેમાં જણાતી, સૂર્યની રક્ત વર્ણરૂપ રેખાઓ કુદરતની ભવ્યતાનું મનન કરાવે છે. તે જાણે આકાશમાં ચડ ઉતર કરતી વાદળીઓ અને પહાડનાં ઉંચા શીખરો વચ્ચે સંયોગ કરાવવાનાં સંદેશામાં ગુંથાએલી હોય, તેવો આભાસ આપે છે. ગાયોનું ધણ ધુળનાં ગોટે ગોટ ઉડાડતું, વિખુટા પડેલા વાછરડાંને મળવા દોડતું, કુદતું, ભાંભરતું આવે છે. તેમાંથી ગાયો છુટી પડી, ચન્દનપુરની પૂર્વ દીશાએ વહેતી વીણા નદીનું શિતળ, સ્વચ્છ અને નિર્મળ જળ ઉતાવળી પી, પુરમાં પ્રવેશ કરે છે. મજુર વર્ગ, પોતાનાં કામથી મુક્ત થઈ, આનંદ ભેર આવતો જણાય છે. દીવાઓનાં પ્રકાશ થવા લાગ્યા. દેવ મન્દિરમાં આરતીઓ થવા લાગી. પુરૂષ વર્ગ પોતાનું કામ બનતી ત્વરાએ પૂર્ણ કરી, ઘેર જવાની તૈયારી કરવા લાગ્યો સ્ત્રીઓ રસોઈનાં કાર્યમાંથી મુક્ત થઈ, પતિના આવવાની રાહ જોવા લાગી. નાનાં બાળકો કાલું ઘેલું બોલી, માતાની ગોદમાં બેશી, માતાને રીઝવવા

લાગ્યા ચંદ્રનો પ્રકાશ થવાની તૈયારીમાંછે. ખેતરમાં વાવેતર કરવા ગયેલા ખેડુતો પુષ્કળ વરસાદ થવાથી, આ વર્ષનો પાક સારો નીવડશે, એવી આશાએ હરખાતા ફુલાતા અને હળની રાંટ ઉપર ઉભા રહી, બળદને ઘર તરફ ઉતાવળા ચલાવતા જણાય છે. તેમાના એક ખેડુતે બળદની લગામ અને લાકડાની ન્હાની પરોણી હળનાં આડામાં ભેરવી, બે કાન આડા બે હાથ ધરી, આકાશ સામું જોઈ, લ્હેકાથી ઉંચે સાદે—લલકાર્યું.

" હે,......હે,......
" મેહુલા, મેહુલા......
" તું જેમ...જેમ...
"   ગાજે રે !
" તેમ......તેમ......
" મોરલો કરે, ટહુકાર,...ટહુકાર.   ૧

" બાહ્યબંધ,...બાહ્યબંધ મોરલા,
" તું મ્હને ભૂલ્યો નહિ સુજાન;
" હે,.......હે,......
" વ્હાલીડા, વ્હાલીડા.
" ત્હારે ખાતર;...ત્હારે ખાતર, બાપુડા.
" નિપજાવીશ, ઝાઝી જાર.   ૨

સાંઝના સાતે થયા.
સંધ્યાનો સમય પૂર્ણ થયો.
રાત્રી પડી.

રાત્રીનું જમવાનું જમી, સ્ત્રી પુરૂષો શાયનગૃહની તૈયારીઓ કરવા લાગ્યા ઘણો ભાગ ગાઢ નિદ્રામાં પડ્યો.

રાત્રીના દસ થયા.

" વસન્ત ! વસન્ત !-! મ્હારા હૃદય રત્ન વસન્ત ! ! ! તું વિદ્વાન અને વિચારશીલ છતાં, શું સંસારની ઉપાધીઓ દૂર કરવા માટે, સંસારની મુસ્કેલીઓ ઓળંગવા માટે, સંસારનો ત્યાગ કરવો એજ ઉત્તમ છે ? એકના અન્યાયની ખાતર, અંન્યાય કરવાનું શિક્ષણ ગ્રહણ કરી, બીજાને અન્યાય આપવો, એ શું ઉચ્ચ આત્મવૃત્તિને ઓછું કલંકિત છે ? પ્રપચી તારાના પ્રપંચના ભોગમાં નિર્દોષ કાન્તાની જીવનિકાનું છેદન ભેદન કરવું, એ શું અન્યાની પરિસીમા નથી ? વસન્ય ! વસન્ત ! ! હું ત્હારો શોધ કરવાને માટે સમ્પૂર્ણ ઉત્સાહના આવેશથી ચ્હડાઇ કરૂંછું. પ્રભુ મ્હારા ઉત્સાહને પ્રગતિ આપો. "



પ્રકરણ ૮ મું.

વસન્ત અને કાન્તા.

કાન્તા મોસાળ આવી છે. સુભદ્રા ભાભીનું શ્રીમંતનું મુહૂર્ત પૂર્ણ થયું છે. મ્હોટી મામીએ કાન્તાને " મ્હારી કાન્તા આશાઓ છે." વિગેરે કહી, રોકી છે. સુભદ્રા પણ " મ્હારા કાન્તાબ્હેન જન્મ-નાંજ બળેલાં છે " વિગેરે દયા ખાઈ, પોતાનું શરીર ભારે છતાં, ગૃહકાર્યનો ઘણોખરો ભાર પોતે ઉપાડે છે. તેમ છતાં કાન્તા વીવેક કરી, કોઈ કોઈ પ્રસંગે શોણિતપુરની પૂર્વે વહેતી સાવિત્રી નદીને તીરે પાણી ભરવા જાય છે. આજે કાન્તા પગમાં નેપુર, હાથમાં માણેકનાં કંકણ, અને શરીરે રેશમી સફેદ સાડી ઓઢી પાણી ભરવા ગઈ છે. સફેદ આરસની પુતળી જેવી, કમળ સરખા મુખવાળી, ચપળ ચંચળ અને ચકોર નેત્ર વાળી, પ્રવાલ સમ હોઠથી ઢાંકતી, સફેદ, ઝીણાં અને ચકચકિત દંતવાળી, નાજુક, કોમળ અને સુન્દર ભૂજાઓથી ઓપતી, કાન્તા વાંકી વળી પાણી ભરે છે. મખમલની સુંવાળી કન્ચુકી, અને કીરમજી રંગનો રેશમી ઘાઘરો સુન્દર સાડીમાંથી વાંકી વળેલાનાં તલસતા-રીબાતા- લજ્જતા અવયવોનું સ્પષ્ટિકરણ તાદ્દસ્ય કરે છે. માથાના વાળ કેડથી નીચે આવી, તલસતા અવયવોને વધારે

ગાળે છે. નેપુરનો ઝણકાર અને કંકણના ખણખણાટ, રીબાતા અક-ચ્છેની દયા લાવવાને બદલે હાંસી કરે છે.

કાન્તાએ પાણી ભરી, બેડું માથે ચઢાવ્યું.

રીબાતી—લજ્જાતી—શરમાતી કાન્તા નદીમાં ઉભી રહી, પાછું ફરી ઘાઘરાનો ભીંજાએલો છેડો નીચોવવા લાગી.

કાન્તા ! પવિત્ર કાન્તા !! પવિત્ર કન્યા !!! નિર્મળાની પવિત્ર કુમારી, ઓચિન્તી સ્તબ્ધ બની ગઈ. તેમાંથી વીજળીના ચમકારા જેટલી ત્વરાથી સચેત થઈ,—

" બસ ! એજ ખરેખર, વ્હાલા વસન્ત. "

સાવિત્રી નદીને કીનારે સ્નાન કરવા આવેલા વસન્ત (સન્યાસી)ની ભગવી કન્થા, કાનમાં તેલંગ, કંઠે રૂદ્રાક્ષની માળા, અને લલાટે ભસ્મની રેખાઓ જોઈ, કાન્તાનું—નિર્મળાની નિર્દોષ કુમારીનું હૃદય ભરાઈ આવ્યું. દયાના આવેશમાં ક્રોધનો આવેશ છુપાઈ ગયો.

વસન્તે કાન્તાને જોઈ.

મળી, દ્રષ્ટાદષ્ટ.

વસન્તે પોતાના હૃદય ઉપર અંકુશ રાખી, થરથરતી કુન્તલ અને કમ્પતી કાન્તા પાસે આવી, પોતાના હાથમાંનું કમંડલ નીચે મૂકી, કાન્તાના પગ પાસે બે હાથ જોડી, પ્રણામ કર્યા.

" કાન્તા ! નિર્મળાની નિર્દોષ કાન્તા !! તું મ્હને ક્ષમા કર. ક્ષમા કર. હું ત્હારો સદાનો અપરાધી દીન દાસ કરગરું છું. પવિત્ર દેવી ઉદ્ધારથા, ઉદ્ધારથા. "

વસન્તની આંખમાંથી આંસુ ખરવા લાગ્યાં.

" હમે હમારી સાથે બોલવાનો મ્હારો અધિકાર હમારી પોતાનીજ મેળે નષ્ટ કર્યો છે. હેમ છતાં પણ બોલું છું કે—વસન્ત ! વસન્ત ! ! હમને આમ કરવું ના ઘટે. વસન્ત કુન્દનપુર જાઓ. પીતાને મળો. સરોજીનીની ભાળ કઢાવો. અને દયા કરીને, ભૂલે ચૂકે પણ મ્હારા જેવી બીજીની દશા ન કરશો. હું બાળપણની બળેલી મ્હારૂં લખ્યું ભોગવી લઇશ. નહીં વેઠાય તેટલું વેઠી લઇશ. અને નહીં જોવાય, તેટલું આ આંખ્યોથી જોઇ પણ લઇશ. આ હું જોઉં છું ને. શું કરૂં ? મ્હારૂં શું જોર ? મ્હારૂં ગમે તે થાય, હેમાં હમારે શું ! હમારે મ્હારી શું ચિન્તા છે ! ! વસન્ત ! વસન્ત ! ! નિર્દય નાહિ થાઓ. આ શું મ્હને સારૂં લાગતું હશે ?"

કાન્તાની આંખમાંથી ચોધારાં નીર વહેવા લાગ્યાં.

" કાન્તા ! પવિત્ર દેવી, હું અરણ્યમાં જાઉં છું. તું સંસારનાં લક્ષ્ય અલક્ષ્યના વિચાર કરી, મ્હને છોડી દેજે—વીસરજે. "

વસન્ત અરણ્યમાં ગયા.

કદળી સ્તમ્ભના ઉપર જેમ વિદ્યુત્ તૂટી પડે, અને કદળી સ્તમ્ભ ચીરાઇ જાય, તેમ કાન્તાનું હૃદય ચીરાઇ ગયું.

" પ્રાણ ! પ્રાણ ! ! ગયા. "

" અહો દીલદાર ! જરી દેદાર—
"   દીવાનીને દેખાડોને.
" અધર લટકી, જીગર ત્રટકી, મરૂં પટકી—
" અરે આધાર ! સુધારસ સાર—
"   ચકોરીને ચખાડોને.
"   અહો.૦

" કાન્તા ! નિર્મળાની નિર્દોષ કુમારી ભ્રમિત ન થા. જગતનાં અપવાદનું સ્મરણ કરી ઘેર જા."

દુઃખથી દ્રવતિ; હૃદયથી બળતી, નેત્રનાં નીરથી નીતરતી, કાન્તા ઘેર આવી. મોસાળની અનહદ માયાળુ લાગણી છતાં, કાન્તાનું વિંધાયેલું-ભેદાયેલું અને ચીરાયેલું હૃદય ક્રુર બન્યું. વસન્ત (સંન્યાસી) ની ભગવી કન્થા, કાન્તાને અભિભૂત કરવા તૈયાર થઇ-તાદ્રસ્યમાન થઇ.

" વસન્ત ! વસન્ત !! મ્હને ત્હારી બહુજ દયા આવે છે. પવિત્ર પુષ્પ (કળી) ના ભોગી ભ્રમર, ત્હારી અલખની વિભૂતિ મ્હારૂં કલેજું કોરી ખાય છે. પણ તેજ વિભૂતીમાં હું રોળાઇશ. પવિત્રતા ! મ્હારી વ્હાલી પવિત્રતા !! ત્હારે ખાતર મારા શરીરમાંથી માંસનાં રજકણે રજકણો ખેંચી કહાડીશ. લોહીની ધારાઓથી ભૂમિને ભેદી નાંખીશ. બળતી ચિત્તામાં હાડકાંને હોમી દઇશ પણ પવિત્રતા નહિ તજું. શિયળને ખાતર હજારો શીર છુંદાઇ જાઓ, લોહીની નદીઓ ચાલો અને ત્હેમાં મારા જેવી અનેક બાળાઓ છેદન, ભેદન, અને મર્દન થઈ જાઓ. પણ પવિત્રતા ન તજો. કામ ! કામ !! તું પવિત્રતાનો ગુલામ છો. ત્હારી સત્તા નથી કે તું અખંડ-ઉજ્જ્વળ પવિત્રતાને પ્રહાર કરી શકય. બ્હેનો ! પવિત્ર બ્હેનો !! આપણે અબળા છીએ પણ પવિત્રપણાના પ્રભાવે સબળા છીએ. આપણે અચળ છીએ ત્યાં સુધી કોની સત્તા છે કે ફક્ત આપણા એકજ વાળને ઉંચી દ્રષ્ટિએ જોઈ શકવાને શક્તિમાન હોય. જગતની ઉન્નતિ અને આબાદીનો આધાર માતા ઉપર છે. દરેક કાર્યમાં લાભ મેળવવા માટે નીરોગી તન, દ્રઢ મન અને પ્રાસંગિક ધનની આવશકયતા છે. જગતને

ઉન્નત કરનારા મહાન પુરૂષોનાં નીરોગી તનનાં બંધારણનું સ્થાન માતા છે. તે સાથે મનને દ્રઢ કરનાર પણ માતાનુંજ શિક્ષણ છે. નીરોગી તન અને દ્રઢ મન, ધન પેદા કરી શકે છે. અને તે સર્વથી લાભ, ઉન્નતિ અને આબાદી થાય છે. તો પછી **જગતની કલ્યાણી માતાજ છે.** તે અપવિત્ર હોય તો જગતની ઉન્નતિ અને આબાદી થાયજ નહિ. બ્હેનો ! વ્હાલી બ્હેનો !! આપણું જીવન તૂચ્છ નથી પણ જગતને ઉન્નત કરનારૂં ઉત્તમ સ્થાન છે. પણ તે સ્થાન પવિત્ર હોવું જોઈએ. તે પવિત્ર સ્થાનને—તમારી પવિત્રતાને—તમારાં શિયળને તમારાં પતિવ્રતને, કોઈ ધન, હીરા, મોતી, માણેક અને જગતનાં સર્વ ઝવાહિર તથા વીવિધ વૈભવથી લલચાવે—લોભાવે છેવટ આપણા અંગના ટુકડે ટુકડા કરી નાંખે પણ પવિત્રતા નજ તજવી જોઈએ. પવિત્રતા ! મ્હારી સદાની સુખ દુઃખની સાથી પવિત્રતા !! ત્હારી સમશેરથી ઝૂરવું છે. તું ઉગારે તો ઉગરવું છે નહીંતર મરવુંજ છે.”

કાન્તાનું હૃદય નિરંકુશ બન્યું.

આકાશભણી દ્રષ્ટિ કરી, આકાશમાં ફરતી વાદળીઓને નિરખી:—

“બ્હેનો ! ખરેખર ત્હમે સુભાગી છો. મ્હને ત્હમારાં સુખની ઈર્ષા આવે છે. ત્હમે **ત્હમારા પતિને મળવા હોંશે હોંશે** દોડતી જાઓ છો. તો મ્હારી દયા ખાશો ? મને મારા પતિએ પરહરિ છે—તજી છે. તેને મારો દુઃખીઆરીનો સંદેશો કહેશો—કહેજો:—

“ કન્થા ધારી જોગીડા ! વાંસલડી વાજે.
“ આવી ઉભો રૂહેજે નદી કાંઠે.
“ કન્થા૦

" પ્રેમ પવિત્ર, આંધળો કોણ સુણે ?
" વસન્ત તુજ વિન, પડયો ખૂણે.
" કન્થા૦
" લખ્યા વિધીના લેખ, મિથ્યા કેમ થાયે,
" અભાગી કાન્તા જોગણ થઇ જાયે.
" કન્થા૦
" જોગીડા તું, જોગણુનો ગુરૂ થાજે,
" જોગણુને તું કોડે સોડે રહાજે.
" કન્થા૦
" વ્હાલીડા તું, સમસ્યામાં ગાજે.
" જોગણ સાંભળશે સાંજે.
" કન્થા૦
"
"

પ્રકરણ ૯ મું.

ભૂતાવળી અને ભૈરવી.

મધ્ય રાત્રી થઇ. કાળી ચૌદશ—કાળી રાત્રિનું ભયાનક અને વિકાળ અંધકાર છવાઇ ગયું છે. આકાશમાંના તારાઓ ઝાંખીઆ કરી, થરથરતા—કમ્પતા—છુપાતા નજરે આવે છે. રત્નાગિરીના સમુદ્ર કીનારાની છોળો અંધકારની વિકાળતામાં વધારો કરે છે. તમરાંના તીણા નાદ કાનને ભેદી નાંખે છે. પર્વતનાં ઉંચા ટેકરા અને ઉંડી ખાણોમાંથી અગ્નિની ભયંકર જ્વાલાઓ વિકાળ ગર્જના સાથે થાય છે. અને અદ્રશ્ય થાય છે. બીહામણું ભૂતાવળીનું ટોળું હાથમાં લોહી અને માંસથી ખરડાએલી મનુષ્યની ખોપરીઓ લઇ, નાચતું, કુદતું, ઠેકતું અને ભયંકર ચાસો પાડતું નજરે પડે છે. ક્રુર કાળની વિકાળ ઝાળ જેવા, લાંબા નખ વાળા, પહોળા જડબાં અને તીણાં મોટા દાંત વાળા ભૂતોની કારમી ચીચીઆરીઓ વીચિત્ર હસતું અને ભયાનક ચાળાઓ, કઠિન હૃદયનાં મનુષ્યને પણ કમ્પાવવાને પૂરતા હતા. આ ભયાનક રાત્રિના અંધકારમાં એક અલમસ્ત મનુષ્ય હાથમાં ત્રિશુળ લઇ, સમુદ્રને કીનારે સ્નાન કરવા આવ્યો. હાથમાંના ત્રિશુળથી આપણે સહજ ધારી શકીએ કે આ અલમસ્ત મનુષ્ય દેવી ભક્ત હતો. બીજા હાથથી તે રસ્તાની બે બાજુ અડદના દાણા છાંટતો તેથી એટલું પણ ચોક્કસ હતું કે તે કંઇ પણ મંત્ર સાધનાનાં કાર્યમાં ગૂંથાએલો હતો.

અલમસ્ત મનુષ્યે સમુદ્રમાં સ્નાન કરવા માંડ્યું. પાણીની પહેલીજ છોળોથી પોતે જરા દૂર ખસ્યો. તેની સાથે પગમાં કંઇ અફળાયું. વધારે દૂર ખસ્યો. ભયથી શરીર કમ્પવા લાગ્યું. પણ તુરતજ ભયને દૂર કરી પગમાં અફળાએલી ચીજને હાથ ફેરવ્યો. વિજળીના ચમકારા જેટલી ત્વરાથી હર્ષિત વદને "મ્હારી મંત્ર સાધનાના પ્રયોગમાં મ્હારે મૂડદાનીજ અગત્ય હતી." એમ કહી મૂડદું બગલમાં મારી બીજા ડાબા હાથથી ત્રિશૂળ ઉડાવતો ઉડાવતો આ અજાણ્યો અલમસ્ત મનુષ્ય રસ્તે પડ્યો. ભૂતોની અને ભૂતોની ભયંકર જ્વાલાઓની કશી પણ દરકાર ન કરતાં આ અલમસ્ત મનુષ્ય એક ખુલ્લા મેદાનમાં આવી પહોંચ્યો. મેદાન ખૂલ્લું અને લંબાઇમાં વધારે હતું. આ અજાણ્યા અલમસ્તને આ મેદાનની પેલે પાર પહોંચવાનું હતું. બગલમાંના મૂડદાંને આ બગલમાંથી બીજી બગલમાં મારી, અલમસ્તે ઉતાવળે ચાલવા માંડ્યું. તેટલામાં સામેથી એક કારમી અને ભયંકર ચીસ સંભળાઇ. રાત્રિનાં અંધકારમાં પણ ભયને ન ગણકારતો આ અલમસ્ત લાંબી છલંગો મારતો મેદાનની વચ્ચો વચ આવી પહોંચ્યો. ચીસો વધારે જોરથી સંભળાવા લાગી. ચીસો સાથે જગના પડઘા મેદાનને ધ્રૂજાવવા લાગ્યા. થોડીજ વારમાં આ અજાણ્યો અલમસ્ત, મદોન્મત અને વિકાળ બે ઝનુની આખલા સામસામે એક બીજાનાં શીંગડાને અફાળી—ભટકાવી લડતા હતા. તે સમક્ષ આવી પહોંચ્યો, આ ઝનુની ગોધાઓ ખૂનપર ચ્હડેલા હતા. બંનેનાં શરીરમાંથી લોહીની ધારાઓ વહેતી હતી. માંસના લોચાઓ બહાર નીકળી આવી કમકમાટી ઉપજાવતા હતા. તેઓ એકબીજાથી દૂર હઠી, ફરી સામ સામા આવી, પ્રહાર કરતા હતા. અલમસ્તને નજીક આવેલો જોઇ, બન્ને ગોધાએ

પોતાના વિકાળ શીંગ અને તીણી ખરીઓ અલમસ્તના ઉપર ઉગામી. તુરતજ અલમસ્તે બગલમાંના શબને જમીન ઉપર મૂકી, પોતાના બન્ને હાથથી તે બન્ને ગોધાનાં શીંગ પકડી ખેંચ્યા. તેઓ વધારે વધારે ગર્જનાઓ કરવા લાગ્યા. પાછલા પગ જમીન સાથે પછાડી ઉછળવા લાગ્યા. પણ સર્વ નિષ્ફળ ગયું. થોડીજ વારમાં અલમસ્તે તેનાં શીંગ ખેંચી કહાડી ત્હેને પ્રાણ રહિત કર્યાં. અલમસ્તે તુરતજ શબને ઉપાડ્યું. શબ હાલતું જણાયું. "અરે! આ તો જીવે છે પણ મૂર્છિત જણાય છે." કહી, અલમસ્તે ઉંડો નિશ્વાસ મૂક્યો. તો પણ આ સ્થળે વધારે વખત રોકાવું યોગ્ય નહીં ધારી અલમસ્તે મૂર્છિત દેહને ખભે નાંખી ચાલવા માંડ્યું. થોડીજ વારમાં અલમસ્ત મેદાન પસાર કરી, નજીકમાંની એક ઉંચી ટેકરી ઉપર આવી પહોંચ્યો. અતિશય શ્રમિત થવાથી, ટેકરી ઉપરની એક શીલા ઉપર મૂર્છિત દેહને મૂકી, વિશ્રાંતી લેવા લાગ્યો. સવાર થયું. સૂર્યનારાયણે પોતાનાં સોનેરી કીરણો પૃથ્વી ઉપર પસારી પૃથ્વીને આચ્છાદિત્ કરી. તેની સાથે મૂર્છીત દેહ સચેત થયો—જાગૃત થયો. મૂર્છીત દેહે નેત્રો ઉઘાડી, આસપાસ જોવા માંડ્યું. અલમસ્તનાં હ્રદયમાં નવિન આશાનું અંકુર ઉત્પન્ન થયું. તુરતજ અલમસ્તે ઉભા થઈ, આ સચેત—જાગૃત દેહને કહ્યું.

"ત્હને હું સમુદ્ર કીનારેથી અંહિ લાવ્યો છું, અને મ્હારી સાથે આવવા જણાવું છું."

પ્રિય વાંચક! આ જાગૃત દેહ અને અલમસ્ત. મનુષ્ય કોણ છે? તે જાણવાની ત્હને સ્વભાવીક ઉત્કંઠા થઇ હશે પણ આ સ્થળે આ જાગૃત દેહ એક કુમારિકા છે એટલુંજ કહી, આ સ્થળે વધારેને માટે ક્ષમા ઇચ્છું છું.

કુમારિકાએ અલમસ્તની સાથે ચાલવા માંડ્યું. અલમસ્ત તેહેને ઉંચી ટેકરી ઉપરનાં એક દેવાલયમાં લઈ ગયો. આ દેવાલય ચંડિકા નામની દેવીનું હતું. અલમસ્ત તેહેનો ભક્ત હતો. દેવીને ભોગ આપવા ખાતર તે કુમારિકાને આ દેવાલયમાં લાવ્યો હતો. અલમસ્તે કુમારિકાને ત્રાડીને કહ્યું.

"કમભાગ્ય કુમારિકા! તું આ મ્હારી ભૈરવી (ચંડિકા) નો ભોગ થવાની તૈયારીમાં છો. તું તેહેનું સ્મરણ કરી, તેહેને શરણે જવા તૈયારી કર."

નિર્દોષ કુમારિકા અલમસ્તના ઉગ્ર શબ્દોથી ગભરાઈ ગઈ. તો પણ હું આ સંસારમાં શું સુખી છું. માની, દેવી સમક્ષ હાથ જોડ્યા. અલમસ્તે દેવાલયમાંથી ખડ્ગ લાવી, કુમારિકા ઉપર પ્રહાર કરવા ઉગામ્યું.

"અસુર! આ કુમારીકા કોણ છે? તે તું જાણે છે?

ભૈરવી સાક્ષાત થઈ, કુમારિકાને માથે હાથ મૂકી, અલમસ્તને ઉગ્ર કોપથી કહેવા લાગી. અલમસ્ત ગભરાઈ ગયો. કુમારિકા ભૈરવીનાં સામું જોઈ રહી.

"આ કોણ?"

કહી,

કુમારિકા હર્ષઘેલી, પ્રેમઘેલી, નયનઘેલી, મદનઘેલી, અગનઘેલી, થઈ ભૈરવીના કંઠે બાઝી પડી.

પ્રકરણ ૧૦ મું.

વિચાર.

"વસન્ત ! વસન્ત !! હું હારે ખાતર અનેક પ્રદેશોમાં ફરી વળ્યો. અનેક જંગલો અને પહાડોમાં ભટકી ચૂકયો, પણ હારી ભાળ નજ લાગી. નિરાશા એજ મ્હારા નશીબનું અશ્રુબીન્દુ છે, એ નિ-શંક છે."

વિન્ધ્યાગીરિની એક ઉંચી ટેકરી ઉપર પડેલી શીલા પાસે આવી, વિલાસી વિચાર કરવા લાગ્યો.

વિલાસી શીલા ઉપર બેઠો.

લમણે હાથ દઇ, આંખમાંના આંસુને ખાળતો વિલાસી હૃદય ભેદક બન્યો.

"વસન્ત ! વસન્ત !! શાન્તાલક્ષ્મીનાં સુગુણી રત્ન, સરોજી-નીના સુકુમાર બન્ધુ, ગુણિયલ અને ગૌરી કાન્તાના ગૌર કંથ, વિલા-સીનાં હૃદય પ્રાણ ! તું ખરેખર દયાહીન થયો છે. ત્હારા હૃદયની કોમળતામાં પ્રવેશ કરનારી, કઠિનતાનાં અભેદ બખ્તરને હું ભેદી નાંખીશ, ચીરી નાંખીશ, તેના ટૂકડે ટૂકડા કરી, ભૂમંડલમાં બખ્મિભૂત કરીશ. વસન્ત ! હું ત્હારો શોધ કરવાને માટે સર્વ પ્રદેશોમાં ફરી વ-

ચીરી, પહાડો, ખીણો અને જંગલોમાં આથડીશ. ત્હને છૂપાવનારી અધમ નિર્દયતાને, મ્હારૂં શરીર ચીરી ત્હેનાં લોહીનું પાન કરાવીશ, મ્હારા માંસના ટૂકડે ટૂકડા કરી તૃપ્ત કરીશ, પણ ત્હને શોધ્યાવિના પાછો નહીંજ ફરૂં."

સૌમ્યક વન તરફ વિલાસી શીલા ઉપરથી ઉઠી, ચાલતો થયો.

"મહાત્માજી! આપ આ સ્થાનનાં જાણીતા હશો?" સૌમ્યક વનમાં સામેથી આવતા એક મહાત્માને વિલાસીએ પૂછ્યું. "મહાશયજી! હું આ સ્થાનનો જાણીતો છું. આ સૌમ્યક વનમાં મહાત્મા ગુરૂજી મહેન્દ્રનાથસેનનો આશ્રમ છે. ત્યાં હું રહું છું. અને મહાત્મા વસન્તજીના આદેશથી બીલીપત્ર વીણવા અંહિ આવ્યો છું."

ભવભૂતિએ ખૂલાસો કર્યો.

વસન્તજીનું નામ સાંભળતાંજ વિલાસી ચમક્યો. વસન્તજી તે વસન્તજ હશે એમ ધારી ભવભૂતિને કહ્યું.

"મહાત્માજી! મ્હારે મહાત્મા વસન્તજીનાં દર્શન કરવાની ઇચ્છા છે. તો આપ મ્હને મહાત્મા વસન્તજી પાસે લઇ જશો?

"જી, હા." કહી, ભવભૂતિએ ઉતાવળથી બીલીપત્ર વીણી લીધાં. વિલાસીને સાથે લઇ ભવભૂતિ આશ્રમમાં વસન્તજીની પાસે આવી પહોંચ્યો.

મળી, દ્રષ્ટો દ્રષ્ટ.

"વસન્ત! વિલાસીનાં હૃદય જીવન વસન્ત!! હું આપને પ્રણામ કરૂં છું."

વિલાસીએ વસન્તને પ્રણામ કર્યા.

"મિત્ર! મ્હારે માટે આટલો શ્રમ?"

વસન્તનું હૃદય ભરાઈ આવ્યું. ત્હેના નેત્રમાંથી ચોધારાં આંસુ વહેવા લાગ્યા.

વસન્તની સ્થીતી નીહાળી, વિલાસીએ નક્કી કર્યું કે અત્યારે વસન્તનું હૃદય કંઈ મહાન ચિન્તાથી દ્રવે છે.

ભવભૂતિ બીલીપત્રને વસન્તજીની પાસે મુકી, વિરેન્દ્રનાથસેન પાસે જઈ બેઠો. ભવભૂતિ, વિરેન્દ્રનાથસેન અને ગુરૂજી વિલાસીના સામું જોઈ રહ્યા.

"વસન્ત! મ્હારા હૃદય પ્રાણ વસન્ત!! હું અહિં આપનું દુઃખ–ચિન્તા વધારવાને આવ્યો નથી. પણ ઓછું કરવાને આવ્યો છું. તો આપને જે દુઃખ–ચિન્તા હોય તે મ્હને નિશંક જણાવો. એટલે હું આપની ઇચ્છા પ્રમાણેજ કરીશ."

વિલાસીએ વસન્તને કહ્યું,

"મિત્ર! મ્હને "વચન" આપો."

વસન્ત આશાતુર બન્યો.

"હું આપની સાથે "વચન" થી બંધાઉં છું કે "આપની ઇચ્છા પ્રમાણેજ કરીશ."

મિત્ર! (વિલાસી) ત્હમે,

સરોજીની સાથે લગ્ન કરો.

વિલાસી વિચારમાં પડયો.

“ શું કરવું ? ”

રતિ અદ્રશ્યરૂપે તેહને (વિલાસીને) ના, કહેવા કરગરવા લાગી.

સર્વ વિલાસીનાં સામું જોઈ રહ્યાં.

અનેક કલ્પનાઓ વિલાસીના વિચાર પટ પર ખેંચાવા લાગી. પણ તેહનાં સંગીતની તાલ કોની કલ્પનામાં ખેંચાશે, તે જાણવું આ-કર્ષક છે.

પછી મળીશું

મહાન દેવતાઇ જાદુગર,

૧. મહા જ્વરાંકુશ ગોળીઓ—કોઇ પણ જાતના તાવને ફક્ત ત્રણજ દીવસમાં દુર કરે છે. ચાર દીવસ ચાલે તેટલી ગોળી ૧૬ ના ડબ્બીના ચાર આના.

૨. સુંદરી વિલાસ ગુટીકા—વૃદ્ધા અવસ્થાથી તેમજ પરાણ કુટેવોથી થએલી અશક્તિને દુર કરી સંસાર સુખ ભોગવવા સમર્થ કરે છે, ભુખ લગાડે છે, દસ્ત સાફ લાવે છે, તેમજ સ્ત્રીયોને સુવાવડ વિગેરે કારણથી થએલી નબળાઇને દુર કરી શક્તિ અને સૌંદર્યતાની અપૂર્વ વૃદ્ધિ કરે છે. ગોળી ૨૫ ની ડબ્બીના રૂ. ૧).

૩. તે સિવાય મસા (હરસ) સંગ્રહણી, ચાંદી, પરમીયો, તેમજ પ્રદર, હીસ્ટીરીયા વિગેરે સ્ત્રીયોના ગર્ભાશય સંબંધી દરદો તથા બાળરોગ માટેની દવાના પૈસા ફાયદો થએથી લેઇ અનેક ગ્રહસ્થોનાં સર્ટીફીકેટો મેળવ્યાં છે.

વૈદશાસ્ત્રી બળવંતરાય ભાઇશંકર.

રાયપુર, કાપડી વાડ.

અમદાવાદ.

ધોળકાના સુપ્રસિદ્ધ વૈદ્ય.

શા. ગીરધરલાલ કહાનજીની

રામબાણ સ્વદેશી દવાઓ.

રૂ. ૧૦૦ ના ઈનામવાળી.

તાવની રામબાણ દવા.

ફાયદો ના થાય તો પૈસા પાછા.

ખાસ પરેજ નથી.

કોઇ પણ જાતનો તાવ એટલે હલાડવો, એકાંતરીઓ, ચોથીઓ, ટ્રિનો, ટાઢીઓ અને ચાલતા જમાનાના ઉડતા તાવો જેવા કે પ્લેગના, ઇન્ફ્લુએન્ઝા વિગેરે તાવો અમારી દવાથી ના ઉતરે તો લીધેલા પૈસા પાછા આપીશું. કોઈ સખસ એમ સાબિત કરી આપશે કે વૈદ્ય શા. ગીરધરલાલ કહાનજીની દવાથી ચોથીઓ તાવ ના ગયો તો તેને રૂ. ૧૦૦ ઇનામ આપીશું.

આ દવા તાવમાં લેવાથી તાવ ઉતારે છે અને તે ઉતર્યા પછી લેવાથી તાવ આવતો નથી અને તાકાત આવે છે. તેમજ ખોરાક પચાવે છે. (ભુખ લગાડે છે.) ગોળી ૫૦ ની ડબીની કી. રૂ. ૧-૦-૦

ઘણા રોગોને તાકીદ આરામ કરનાર.

શક્તિ સંજીવન.

કોઇ સખસ એમ સાબિત કરી આપસે કે શક્તિ સંજીવનમાં

શક્તિ લાવવાનો અને વીર્ય વધારવાનો ગુણ નથી તો તેને રૂ. ૧૦૦ ઇનામ આપીશું.

વીર્ય વધારવાનો આ દવામાં ખાસ ગુણ છે. મર્દોને નાઇટ્રોવતિમાં શક્તિ સંજીવન શક્તિ આપે છે, નસોની નબળાઈ (કમજોરી) દૂર કરે છે, વૃદ્ધાવસ્થામાં કમી થએલ શક્તિ પાછી મેળવવામાં શક્તિ સંજીવન રામબાણ છે. હસ્તદોષ, અતિ વિહાર (હદ ઉપરાંત સ્ત્રી સંયોગ) વગેરેથી બગડેલી ધાતુને ઘણી ઝડપથી સુધારે છે, અને તેથી ઘણી જાતનાં દરદો થાયછે તે દરદોનો નાશ કરેછે. તેમજ બરડાની ફાટ, કમરનો દુઃખાવો, પગની કળતર તથા આખા શરીરનું શિથિલપણું મટાડે છે, કફ અને વાયુના તમામ દરદોને આરામ કરે છે. જઠરા પ્રદિપ્ત કરે છે. જ્ઞાનતંતુની નબળાઇ દૂર થાય છે. સ્ત્રીના રજસ્વળા સબંધી તથા ગર્ભાશયના દરદોને માટે શક્તિ સંજીવન અકસીર દવા છે. શક્તિ સંજીવનના ફાયદા માટે વધારે માહેતગાર થવું હોય તો એક પૈસાનું કાર્ડ લખી અમારી પાસેથી ધાતુવિકાર નામનું પુસ્તક મંગાવી વાંચો. ગોળી ૧૦૦ ની ડબ્બી ૧ ની કી. રૂ. ૨–૮–૦

પરમીઆની રામબાણ દવા.

આ દવા તમામ જાતના પરમીઆ માટે છે. થતી બળતરા અને ચાલતું પરૂ (રસી) બંધ કરે છે. કળતર અને પેડુનો દુઃખાવો મટાડે છે. નીચેની રગમાં પીડા થાય છે. તે પીડાને તરત આરામ કરે છે. સાંધાનો દુઃખાવો મટાડે છે. પરમીઆથી થએલ દરદોનો અને પરમીઆનો તાકીદે નાશ કરે છે. ડબી એકની કીમત રૂ. ૨–૪–૦

બહુશલ્ય ગુટિકા—ઉધરસની દવા.

આ દવાથી તાજી ઉધરસ ત્રણ કલાકમાં મટે છે. જુની ખાંસી અને ક્ષય—દમ જેવા દરદોને થોડી મુદતમાં ફાયદો કરે છે. ગોળી ૫૦ ની ડબી ૧ ની કીં. રૂ. ૧—૦—૦

દાદર.

ફાયદો ના થાય તો પૈસા પાછા.

તમામ જાતની રાતી, કાળી અને ધોળી દાદર મટાડે છે. ડબી ૧ ની કીં. રૂ. ૦—૪—૦

ખાસ રાજા રજવાડા અને શ્રીમંતોને માટે

" કામદેવ રસ. "

યાને

કામપ્રદીપ ગુટિકા.

કામદેવ રસ, આયુષ્ય આપનાર તથા ધાતુને બહુ વધારનાર છે; ત્રણે દોષ, ત્રણ, પ્રમેહ કોઢ, બરલ, ઉદરરોગ, ગ્રંથિવા, ઝેર અને કૃમિ વગેરે દોષોને દૂર કરી નાંખે છે. શરીરને મજબુત કરે છે તથા વીર્યને વધારે છે, અત્યંત જુવાની આપીને ઘણી સ્ત્રીઓને આનંદ બક્ષે છે. દીર્ઘ આયુષ્ય થાય છે તથા સિંહના જેવા પરાક્રમી પુત્રો થાય છે. આ કામદેવ રસ સેવન કરનારને સુંદરપણું બળ અને તેજ આવે છે. તથા અનેક તરૂણ સ્ત્રીઓ સાથે વિહાર કર્યા છતાં પણ કશું નુકશાન થવા દેતો નથી, તેમજ અકાળ મૃત્યુના ભયથી હમેશાં દૂર રાખે છે. દરેક શ્રીમંતોને તેનું સેવન કરવા ખાસ ભલામણ છે.

ગોળી ૧૦૦ ની ડબી ૧ ની કિંમત રૂ. ૧૦—૦—૦.

વલ્લભદાસની ત્રીજોરીઓ.

સૌથી પહેલ વહેલા ફાયરપ્રુફ ત્રીજોરીઓ બનાવનાર.

જાણીતા અને જાતી અનુભવથી પ્રખ્યાતી પામેલા વલ્લભદાસ હીરાચંદ એન્ડસન્સની તીજોરીઓ ઘણી મજબુત ને આગની સામે ટક્કર ઝીલી શકે તેવાં અખંડ પ્લેટમાંથી મશીનથી વાળીને બનાવવામાં આવે છે. અમારી બનાવટની કળો વગેરેનું કામ એવું તો સરસ હોય છે કે ત્રીજોરીઓ જોતાંજ વીલાયતની સરસાઈ જેવીજ દેખાય છે. ફાયરપ્રુફની મજબુતાઈ વીશેના કેટલાક ચાંદ તથા સર્ટીફીકેટો મળેલાં છે.

પેટન્ટ અજાયબ ગુપ્ત ભંડારની ત્રીજોરીઓ.

અજાયબ ગુપ્ત ભંડારની પેટન્ટ તીજોરીઓમાં મુકેલો અસબાબ હરામી ચોર લોકોથી ઉઘાડવાની રીત જાણ્યા સીવાય લેઇ શકાતો નથી ને અસબાબ કાયમ રહે છે, તેમજ જલદી તુટી શકતી નથી. ત્રીજોરી જોતાં ગુપ્ત ભંડાર કોઇ જાણી શકતું નથી, અજાયબ રીતે ખુલે છે ત્યારે અજાયબી પમાડે છે.

ફાયરપ્રુફનો તાજો પુરાવો.

અમદાવાદ લાલાવસાની પોળમાં સંઘવીને ત્યાં અચાનક મોટી આગે ભયંકર રૂપ ધારણ કરી મકાન વીગેરેની પાયમાલી કરી હતી. તેની અંદર તેમણે ઝવેરાત, શેર, નોટ, જડીત દાગીના વગેરે મુકેલી તીજોરીઓ પણ ભયંકર આગમાં આવેલી હતી. ત્રીજે દીવસે મોટા

અમલદારો, પંચ અને સંઘવીના માણસોની રૂબરૂ તીજોરી ખોલતાં અંદર મુકેલો માલ જોઈને તેવી સહિસલામત હાલતમાં નીકળ્યો હતો.

પ્રથમ ફાયરપ્રુફનો અખતરો.

સરદાર શેઠ લાલભાઈ દલપતભાઈએ અખતરા સાથે તીજોરી સેના મુંબાઈવાળાને પુછેલ હતું, તો તે વખતે ચોખ્ખી ના લખી હતી તેથી શેઠ સાહેબે વલ્લભરામને બોલાવ્યા ને આગમાં સામે ટકે તેવી તીજોરી ફાયરપ્રુફની માગણી કરી. તે વખતેજ અમોએ તીજોરી આગમાં મુકાવી અખતરો કરી જોતાં ફાયરપ્રુફ તીજોરી બનાવનાર મી૦ વલ્લભદાસને પહેલે નંબરે ગણેલા છે.

તીજોરીઓના દરવાજા એકજ જાડી પલેટના બનાવીએ છીએ. તેમજ હરટાકરી તથા સ્ટીલ પ્લેટના વાપરીએ છીએ, તીજોરીમાં અમારી બનાવટનીજ માસ્તર કી કળો બેસારીએ છીએ, કામ ઘણુંજ મજબુત, મંગાવી ખાત્રી કરો, તીજોરી એકજ પલેટમાંથી મશીનમાં વાળીને બનાવીયે છીયે.

કયાં કયાં વપરાય છે.

મોટા નાના રાજા રજવાડાઓમાં, બેંકોમાં, ઇન્જીનીઅર એ ફીસોમાં, મ્યુનીસિપાલીટીઓમાં, શેઠ શાહુકારોમાં, મોટી નાની મીલોમાં વિગેરે.

મી. વલ્લભદાસ હીરાચંદ એન્ડસન્સ.

પાનકોરને નાકે—**અમદાવાદ.**

ગ્યાસના દીવા.

હલકો માલ ખરીદી યા ભાડે લઇ પસ્તાતા ના.

કોઇ પણ વખતે તમારે વીલાયતી કીટસન અને દેસીઇ નકેઇન્ડીસન લાઇટો વેચાણ યા ભાડે લેવાની જરૂર પડે ત્યારે અમદાવાદમાં લોકપ્રીયતા મેળવી ઘેર ઘેર પ્રસીદ્ધ થયેલા.

કેશવલાલ કાલીદાસની કું. ની

મુલાકાત લેશો.

લગ્ન અથવા મેળાવડામાં ગામ કરતાં ઘણાંજ ઓછા ભાવે ભાડે આપીયે છીયે. બહાર ગામના કામપર ખાસ ધ્યાન આપીયે છીયે. અમારા લાઇટોની રોશની કદી ઝાંખી પડતી નથી કારણ કે ઘરાકને ઘેર યા વરઘોડામાં લાઇટ સળગાવ્યા પછી અમારા માણસો ઓછામાં ઓછા બે ત્રણ વખત તપાસ કરવા માટે આવશે તથા વરઘોડામાં સાથે રહેશે. આ કામને માટે અમો એવા બાહોશ માણસો રોકીયે છીયે કે જેથી અકસ્માતનો કદી પણ ભય રહેતો નથી કદાપી કોઇ પણ કારણસર લાઇટ રોશનીમાં રાસી માલૂમ પડતુ હશે તો ગ્રાહકના દીલ પસંદ પ્રમાણે સુધારી આપવામાં આવશે, માટે અમારા કદરદાન ગ્રાહકોને અરજ કરીયે છીયે કે એક વખત ઓર્ડર આપી ખાત્રી કરો. આ સીવાય અમારે ત્યાં તદન નવાં લાઇટો તથા લગતો તમામ સામાન કીફાયત ભાવેથી વેચાતો મળે છે. અમારા કામને માટે શહેરનાં તેમજ બહાર ગામનાં સારા સારા ગ્રહસ્થોનાં સર્ટીફીકેટો મળેલાં છે. **ઠે. રતનપોળ.**

ઝવેરીવાડ પાસે ચાહની હોટલમાં મુ—**અમદાવાદ.**

આર્યબંધુઓને ખુશ ખબર.

સજ્જનો ! જો આપને પવિત્રતા સાથે ધર્મને બરાબર જાળવવો હોય તો અવશ્ય એકવાર અમારો પ્રસંગ પાડી ખાત્રી કરો. આજકાલ બજારમાં લોકો પૈસા પેદા કરવાને ધર્મ ન સચવાય એવી અપવિત્ર વસ્તુઓ બનાવી વેચે છે. કે જેને ખરીદવાથી આર્ય ભ્રાતાઓના ધર્મની નાસ્તી થાય છે. માટે તેમ ન થવું જોઈએ ને પોતાનો ધર્મ બરાબર જળવાય. તેમજ એ અપવિત્ર વસ્તુઓના કરતાં ઘણીજ સસ્તી કીંમતે મળે તેને માટે અમે નવીન ગોઠવણ કરી છે. ગ્રહસ્થો ! અમો અમારી ખાસ દેખરેખ નીચે શુદ્ધ બ્રાહ્મણના હાથે તૈયાર કરાવેલાં મીષ્ટ શરબતો, અમૃતનું પણ ભાન ભુલાવે એવા દરેક જાતના મુરબ્બાઓ અને ભોજન સમયે લ્હેજત પ્રાપ્ત થાય એવી સ્વાદિષ્ટ ચટણીઓ, આ ઉપરાંત સુવાસ યુક્ત ગુલાબજળ, શુદ્ધ તલનાં તેલો, અગરબતીઓ, સાબુઓ, જાતજાતનાં અર્કો. જેવાં કે પીપરમીંટ, વરીયાળી, ઇલાયચી, કપુર વગેરે અમારી દુકાનેથી વ્યાજબી ભાવે મળે છે. અમારા સુજ્ઞ ગ્રાહકોને એકવાર અમારી દુકાનની મુલાકાત લેવાની અમો વિનંતી કરીએ છીએ.

ચીમનલાલ મુળચંદ મુરબ્બાવાળા.

રીચીરોડ—**અમદાવાદ.**

આ પુસ્તકના અગાઉથી ગ્રાહક થઈ, આશ્રય આપનાર મહેરબાન માનવંતા સદ્‌ગૃહસ્થોનાં મુબારક નામ.

કાપી.	નામ.	ગામ.
	અમદાવાદ.	
✻	મહેરબાન માનવંતા શ્રીમાન સરદાર સર, ચીનુભાઈ માધવલાલ રણછોડલાલ બેરોનેટ સી. આઇ. ઇ.	
✻	મહેરબાન માનવંતા શ્રીમાન નગરશેઠશ્રી કસ્તુરભાઈ મણીભાઈ.	
✻	મહેરબાન માનવંતા શ્રીમાન શેઠશ્રી ચીમનલાલ ચુનીલાલ.	
✻	મહેરબાન માનવંતા શેઠજી સાહેબ ફીરોજશા કાવસજી કારંજાવાળા.	
✻	મહેરબાન માનવંતા રા. રા. દામોદરદાસ રેવાદાસ.	રીચીરોડ, અમદાવાદ.
૫૦	મહેરબાન શ્રીમાન ડૉકટર પટેલ બ્રધર્સ એન્ડ કમ્પની, મદન ગોપાળની હવેલી.	
૪૦	મહેરબાન માનવંતા વૈદ્ય શા. ગીરધરલાલ કાહાનજી.	ધોળકા.
૧૨	મહેરબાન માનવંતા શેઠશ્રી પંચાળ ભૂલાભાઇ હીરાચંદ.	
૨	મહેરબાન માનવંતા શ્રીયુત્ જેઠાલાલ માધવલાલ જશ. જમાલપુર—ટોકરશાની પોળ.	

૨ મહેરબાન માનવંતા શેઠશ્રી વાડીલાલ હીમ-
તલાલ ડાકવાળા. માંડવીની પોળમાં લાલા-
ભાઇની પોળ.

૨ મહેરબાન માનવંતા શ્રીયુત્ પ્રાણજીવન મો-
તીરામ રાવળ. સીતાપુર.

૨ મહેરબાન માનવંતા શ્રીયુત્ શર્મા મોતીલાલ
શામળદાસ. શેઠ વીરચંદ દીપચંદ લાયબ્રેરી.

૧ મહેરબાન માનવંતા શ્રીયુત્ આદિતરામ નર-
સિંહરામ ત્રિવેદી. માંડવીની પોળ.

૧ મહેરબાન માનવંતા શેઠશ્રી બાલાભાઇ પોપ-
ટલાલ. હાજા પટેલની પોળમાં—શાન્તિનાથ-
ની પોળ.

૧ મહેરબાન માનવંતા શેઠશ્રી બાલાભાઇ વાડી-
લાલ. રીચીરોડ.

૧ મહેરબાન માનવંતા સોની કનૈયાલાલ મોતીલાલ.

૧ મહેરબાન માનવંતા શેઠજી સાહેબ હસનભાઈ
અલીભાઇ રાજકોટવાળા.

૧ મહેરબાન શ્રીમાન સોની મોનજી જેઠાભાઈ.
ઝવેરીવાડામાં, ફત્તેભાઇની હવેલીમાં.

૧ રા. રા. શેઠશ્રી મગનલાલ ગીરધરલાલ.
ઢાલની પોળમાં, જગાભાઇની પોળમાં.

૧ મહેરબાન શ્રીયુત્ નરોતમદાસ હરગોવીંદદાસ
રાવળ. રાયપુર-વાઘેશ્વરીની પોળ.

૧ મહેરબાન વૈદ્ય અમૃતલાલ ત્રિભૂવન શાસ્ત્રી.
ઘીકાંટા રોડ,
૧ મહેરબાન શ્રીયુત્ યજ્ઞેશ્વર ચુનીલાલ ભટ્ટ.
જમાલપુર પમ્પીંગ સ્ટેશન.
૧ મહેરબાન શ્રીયુત્ નટવરલાલ મણીશંકર ઓઝા. ધોળકા.
૧ મહેરબાન શ્રીમાન કંસારા હીરાલાલ સુંદરલાલ માંડવીની પોળ.
૧ મહેરબાન માનવંતા ઠક્કર શંકરલાલ મોહનલાલ—ઝાજ.
૧ રા. રા. ગોલારાણા જીવાભાઇ ધુળાભાઇ.
રાયપુર ચકલામાં મહાદેવ પાસે.
૧ રા. રા. ચીમનલાલ ત્રીકમલાલ. ઝાંપડાનીપોળ.
૧ રા. રા. બલવંતરાય કાળીદાસ. ખાડીઆ—પુર્ણાની પોળ.
૧ રા. રા. સોની તુલસીદાસ વંદ્રાવનદાસ ધોલકાવાળા. ચાંદીની પોંચીઓ બનાવનાર, મામુનાયકની પોળ.
૧ મહેરબાન માનવંતા રણછોડલાલ મોતીરામ.
કારપેઇન્ટર. સરસપુર.
૧ રા. રા. સોની મોનજીભાઇ ચકુભાઇ જામનગરવાળા.
શ્રી જૈન દેરાસરના દાગીના બનાવનાર—રતનપોળ, ચિન્તામણીના દહેરા પાસે.
૧ રા. રા. શ્રીમાન ઠક્કર લક્ષ્મીદાસભાઇ ભીમજીભાઇ.
૧ રા. રા. રાવ ભીખુભાઈ ગોવીંદભાઈ. સીને માડી ફ્રાન્સ.

૧ રા. રા. પીરૂભાઇ કાહાનજી. માંડવીની પોળ
શાક બજાર.
૧ રા. રા. મણીલાલ સાંકળચંદ. પાંચ કુવા.
૧ રા. રા. બારોટ છોટાલાલ પુરૂષોત્તમદાસ. રતન પોળ-લીંબુ પોળ.
૧ રા. રા. ત્રિભોવનદાસ મૂળજી. રતનપોળ-લીંબુ પોળ.
૧ રા. રા. મહેતા દશરથલાલ મણીશંકર વઢવાણવાળા. ઘીકાંટા.
૧ રા. રા. ઘડીઆળી હરીલાલ લલ્લુભાઇ.
રીચીરોડ.
૧ રા. રા. શેઠશ્રી મગનલાલ કરશનદાસ.
રીચીરોડ.
૧ રા. રા. વ્યાસ રમણલાલ ઉર્ફે રતીલાલ દલસુખરામ.
રાયપુર.
૧ રા. રા. શેઠશ્રી અંબાલાલ નરસિંહરામ. ચારરસ્તા.
૧ રા. રા. ટેલર ડાહ્યાભાઈ જાદવજી. ચારરસ્તા.
૧ રા. ર. ભોગીલાલ રામજીદાસ. ઘોડાસરવાળા-ગોમતીપુર
૧ રા. રા. શેઠશ્રી ભાઇલાલ લલુભાઇ. માણેકચોક.
૧ રા. રા. મીસ્ત્રી વીઠલદાસ મોહનલાલ. કાળુપુર.
૧ રા. રા. કેશવલાલ કાળીદાસ. ઝવેરીવાડામાં.
૧ રા. રા. શેઠશ્રી લલુભાઈ બુલાખીદાસ. બજારમાં-ઉંવારસદ.
૧ રા. રા. વૈદ્ય હરીવલ્લભ મયાશંકર ભટ્ટ. ઉર્ફે બાલાભાઈ.
જામનગરવાળા. દોશીવાડાની પોળ.